અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ જાન્યુઆરી ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ દશમ | અંક : ૧૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારત અને પાકિસ્તાનની ટીમ એક જ ગ્રુપમાં

## T20 વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો

### આ ટુર્નામેન્ટ ૧લી જૂનથી શરૂ થવાની છે : જ્યારે ફાઈનલ મેચ ૨૯ જૂને રમાશે : ૯ જૂને ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર

। નવી દિલ્હી, તા.૫ ।

T20 વર્લ્ડ કપ ૨૦૨૪નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ભારત અને પાકિસ્તાનની ટીમો એક જ ગ્રુપમાં છે. આ ટુર્નામેન્ટ ૧લી જૂનથી શરૂ થવાની છે. જ્યારે ફાઈનલ મેચ ૨૯ જૂને રમાશે. આ વખતના T20 વર્લ્ડ કપમાં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ ટીમોને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન ગ્રુપ છમાં છે.



ભારતનો મુકાબલો ૯ જૂન, ૨૦૨૪ના રોજ ન્યૂયોર્કમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે થશે. ટીમ ઈન્ડિયાએ અનુભવી મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીમાં ૨૦૦૭માં પાકિસ્તાનને હરાવીને પ્રથમ વખત T20 વર્લ્ડ કપ જીત્યો હતો.

ભારત આ ટૂર્નામેન્ટની પોતાની શરૂઆતની મેચ ૫ જૂને આયર્લેન્ડ સામે રમશે. ન્યૂયોર્કમાં ૧૨ જૂને યજમાન અમેરિકા સામે મેચ રમાશે. ત્યારબાદ ૧૫ જૂને ટીમ ઈન્ડિયા ફ્લોરિડામાં કેનેડા સામે ટકરાશે. તમને જણાવી દઈએ કે ભારત તેની તમામ લીગ મેચ યુએસએમાં રમવા જઈ રહ્યું છે.

ટૂર્નામેન્ટની શરૂઆત ૧ જૂને યજમાન અમેરિકા અને કેનેડા વચ્ચેની મેચથી થશે. ગ્રુપ સ્ટેજની મેચો ૧ થી ૧૮ જૂન દરમિયાન રમાશે. આ પછી સુપર ૮ મેચ રમાશે જે ૧૯ થી ૨૪ જૂન વચ્ચે રમાશે. તો બીજી તરફ ટૂર્નામેન્ટની સેમી-ફાઈનલ મેચો ૨૬ અને ૨૭ જૂને યોજાવાની છે, જ્યારે ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપની વિજેતા ટીમની જાહેરાત ૨૯ જૂને કરવામાં આવશે.

T20 વર્લ્ડ કપ ૨૦૨૪માં ૨૦ ટીમો ભાગ લેશે. દરેક ગ્રુપની ટોચની બે ટીમ સુપર ૮ રાઉન્ડ માટે ક્વોલિફાય થશે. એક ગ્રુપમાં A1, B2, C1 અને D2 ટીમો અને બીજા ગ્રુપમાં A2, B1, C2 અને D1 ટીમો હશે. દરેક સુપર ૮ ગ્રૂપમાં ટોચની બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે.

ટૂર્નામેન્ટની કુલ ૫૫ મેચ વેસ્ટ ઈન્ડિઝના છ અને અમેરિકામાં નવ સ્ટેડિયમમાં રમાશે. તેમાં કેન્સિંગ્ટન ઓવલ (બાર્બાડોસ), બ્રાયન લારા ક્રિકેટ એકેડમી (ત્રિનિદાદ), પ્રોવિડન્સ સ્ટેડિયમ (ગિયાના), સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમ (એન્ટિગુઆ), ડેરેન સેમી ક્રિકેટ ગ્રાઉન્ડ (સેન્ટ લુસિયા), આર્નોસ વેલે સ્ટેડિયમ (સેન્ટ વિન્સેન્ટ) નો સમાવેશ થાય છે. જ્યારે, યુનાઈટેડ સ્ટેટ્સમાં ત્રણ સ્થળો આઈઝનહોવર પાર્ક (ન્યૂયોર્ક), લોડરહિલ (ફ્લોરિડા) અને ગ્રાન્ડ પ્રેઈરી (ટેક્સાસ) છે.

**તમામ ગ્રુપ ટીમો**

ગ્રુપ એ : ભારત, પાકિસ્તાન, આયર્લેન્ડ, કેનેડા અને યુએસએ

ગ્રુપ બીઃ ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, નામિબિયા, સ્કોટલેન્ડ અને ઓમાન

ગ્રુપ સીઃ ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, અફઘાનિસ્તાન, યુગાન્ડા અને પાપુઆ ન્યુ ગીની

ગ્રુપ ડીઃ દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેધરલેન્ડ અને નેપાળ

### વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટનો નિર્ણય

## પૃથ્વી યોજના માટે ૪૭૯૭ કરોડના ખર્ચને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી

### આ યોજના સંશોધન, હવામાન, આબોહવા, મહાસાગર, ક્રાયોસ્ફિયર, સિસ્મોલોજીમાં આવતા પડકારોનો સામનો કરવામાં સક્ષમ બનાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રીય મંત્રીમંડળે 'પૃથ્વી યોજના' હેઠળના અભ્યાસને વધુ ગતિશીલ બનાવવા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ૨૦૨૧-૨૬ના સમયગાળા દરમિયાન લાગુ કરવામાં આવનાર પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની વ્યાપક યોજના 'પૃથ્વી વિજ્ઞાન'ને મંજૂરી આપી છે. આ યોજનાનો કુલ ખર્ચ ૪૭૯૭ કરોડ રૂપિયા છે. એક અધિકારીએ જણાવ્યું છે કે, પૃથ્વી વિજ્ઞાનની વ્યાપક યોજના એમઓઆઈએસસંસ્થાઓના અભ્યાસ અને કાર્યક્રમને સક્ષમ બનાવશે. આ યોજના સંશોધન, હવામાન, આબોહવા, મહાસાગર, ક્રાયોસ્ફિયર, સિસ્મોલોજીમાં આવતા પડકારોનો સામનો કરવામાં સક્ષમ બનાવશે. આ યોજનામાં હાલમાં પાંચ ચાલુ પેટા-યોજનાઓનો સમાવેશ થાય છે, જેમાં (૧) વાતાવરણ અને આબોહવા સંશોધન-ફોર્મેટ અવલોકન સિસ્ટમ અને સેવાઓ-એક્રોસજી, (૨) મહાસાગર સેવાઓ, ફોર્મેટ એપ્લિકેશન્સ, સંસાધનો અને ટેકનોલોજી-ઓ-સ્માર્ટ (૩) ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન-પેસર (૪)સિસ્મોલોજી અને જીઓસાયન્સ-સેજ (૫) સંશોધન, શિક્ષણ, તાલીમ અને આઉટરીચ-રિચઆઉટનો સમાવેશ થાય છે. યોજનામાં પૃથ્વી પ્રણાલી અને પરિવર્તનના મહત્વપૂર્ણ સંકેતોને રેકોર્ડ કરવા માટે વાતાવરણ, મહાસાગરો, ભૂમંડળ, ક્રાયોસ્ફિયર અને પૃથ્વીના લાંબા ગાળાના ચોક્કસ અવલોકનો વધારવા અને જાળવી રાખવાનો સમાવેશ થાય છે.

યોજનામાં હવામાનને સમજવા અને આગાહી કરવા માટે મોડેલિંગ સિસ્ટમનો વિકાસ પણ સામેલ છે. નવી ઘટનાઓ અને સંસાધનોની શોધ માટે પૃથ્વીના ધ્રુવીય અને ઉચ્ચ સમુદ્રી પ્રદેશોનું સંશોધન પણ ગતિશીલ બનશે. સામાજિક કાર્યક્રમો માટે દરિયાઈ સંસાધનો ઉણપ દુર કરી શકાશે. પૃથ્વિ વિજ્ઞાન યોજના હેઠળ નવીન ટેકનોલોજીનો પણ વિકાસ કરાશે.

### અમેરિકાના કેલિફોર્નિયામાં સ્થિત એક હિન્દુ મંદિરમાં તોડફોડ

## હિંદુ મંદિરમાં તોડફોડ, લખવામાં આવ્યા ખાલિસ્તાની સમર્થક નારા

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૫ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં સ્થિત એક હિન્દુ મંદિરમાં તોડફોડની વધુ એક ઘટના બની છે. કેલિફોર્નિયામાં સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ થયાના અઠવાડિયા પછી આ ઘટના બની છે. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશનએ શુક્રવાર (૫ જાન્યુઆરી)ના રોજ સોશિયલ મીડિયા પોસ્ટમાં કેલિફોર્નિયામાં શેરાવાલી મંદિરમાં તોડફોડની માહિતી શેર કરી હતી. ફાઉન્ડેશને એક તસવીર પણ શેર કરી છે. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર તેની પોસ્ટમાં જણાવ્યું હતું કે તે આ ઘટના અંગે પોલીસના સંપર્કમાં છે.




ફાઉન્ડેશને ખાલિસ્તાન સમર્થકોના વધતા જોખમને ધ્યાનમાં રાખીને હિંદુ મંદિરોને સુરક્ષા કેમેરા અને એલાર્મ સિસ્ટમ લગાવવા જણાવ્યું હતું. રિપોર્ટ અનુસાર કેલિફોર્નિયામાં જે હિંદુ મંદિર પર હુમલો થયો તે હેવર્ડમાં આવેલું છે. ખાલિસ્તાની સમર્થકોએ વિજયના શેરાવાલી મંદિરની બહાર ભારત વિરોધી ભીંતચિત્રો લગાવ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે ૨૩ ડિસેમ્બરે ખાલિસ્તાની સમર્થકોએ કેલિફોર્નિયાના નેવાર્ક શહેરમાં એક હિંદુ મંદિરને નિશાન બનાવ્યું હતું. મંદિરની બહારની દિવાલો પર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. આ ઉપરાંત મંદિરની દિવાલોને પણ નુકસાન થયું હતું. હિંદુ મંદિરની બહારની દિવાલો પર ખાલિસ્તાની તરફી સૂત્રો લખવામાં આવ્યા હતા. ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે આ ઘટનાની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે આવી ઘટનાઓ માટે કોઈ સ્થાન નથી. ઉગ્રવાદીઓ અને અલગતાવાદીઓને કાબૂમાં રાખવા ખૂબ જ જરૂરી છે.

### વિશ્વના અબજોપતિઓની યાદીમાં ગૌતમ અદાણી ૧૨મા સ્થાને પહોંચી ગયા

। નવી દિલ્હી, તા.૫ ।

૨૦૨૪નુ વર્ષ ગૌતમ અદાણી માટે શુભ નીવડે તેવુ લાગી રહ્યું છે. વર્ષની શરૂઆતમાં જ સુપ્રીમ કોર્ટમાંથી અદાણીને હિંડનબર્ગ કેસમાં મોટી રાહત આપી હતી. ત્યાર બાદ અદાણી જૂથના શેરના ભાવ રોકેટની ઝડપે વધી રહ્યાં છે. જેના પગલે, અદાણીની સંપતિમાં વધારો થવા પામ્યો છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણી હવે મુકેશ અંબાણીને પાછળ છોડીને ભારત અને એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.

### આંગણવાડીની બહેના માટે સુપ્રીમ કોર્ટનો ચુકાદો

## આંગણવાડીની બહેનોને કર્મચારી ગણી ગ્રેચ્યુટીનો લાભ આપવા આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ગુજરાતની આંગણવાડીની બહેના માટે સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. રાજ્ય સરકારે કરેલી પુનઃવિચારણાની અરજીને કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, આંગણવાડીની બહેનોને હવે કર્મચારી ગણવા તેમજ તમામને ગ્રેચ્યુટીના લાભ આપવામાં આવે. સુપ્રીમ કોર્ટમાં આંગણવાડી બહેનોના મુદ્દાને લઈને પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી કરતા કોર્ટે આંગણવાડીની બહેનોને કર્મચારી હોવાના હકનો આદેશ આપતા ગુજરાત સરકારની પુનઃવિચારણાની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું હતું કે,આઈસીડીએસને પ્રોજેક્ટના બદલે એક સંસ્થા તરીકે ગણતરી કરી તે મુજબના લાભો આપવા. તેમજ માનદ વેતનને વેતન તરીકે જ ગણવું. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા સુપ્રીમ કોર્ટમાં વર્કરોના પ્રશ્નોને લઈને ૨૦૨૨માં પિટિશન દાખલ કરવામાં આવી હતી. આ પિટિશન મુજબ આંગણવાડી વર્કર અને હેલ્પરોને કર્મચારી તરીકેના લાભો આપવાના આદેશ આપ્યા હતા. જેમાં પેમેન્ટ ઓફ



ગ્રેચ્યુટી એક્ટ લાગુ પાડવા તેમજ નિવૃત્ત થયેલ રાજીનામું આપેલા કે અવસાન પામેલા વર્કર હેલ્પરને અન્ય કર્મચારીઓની જેમ ગ્રેચ્યુટી ચૂકવવા જણાવ્યું હતું. કોર્ટના આ આદેશ સામે ગુજરાત સરકારે ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ પુનઃવિચારણાની અરજી કરી હતી. જેના પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના તથા જસ્ટિસ અભય ઓકાની બેંચે ગુજરાત સરકારની રિવ્યુ પિટિશનને ડિસમિસ કરતા આંગણવાડી કાર્યકરોને કર્મચારી તરીકે ગણવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો.

### સીબીએસઈ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ નું નવું ટાઈમટેબલ

## સીબીએસઈ ધો.૧૦-૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુ.થી શરૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) એ નવો સીબીએસઈ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ નો ટાઈમટેબલ જાહેર કરી દીધો છે. અમુક વિષયના પેપરમાં પરિવર્તન સાથે સીબીએસઈએ નવો ટાઈમટેબલ જાહેર કર્યો છે. જે પણ વિદ્યાર્થી સીબીએસસી બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આપવાના છે તેઓ સીબીએસઈની વેબસાઈટ પર જઈને સીબીએસઈ ધોરણ-૧૦ અને ૧૨નો ટાઈમટેબલ ડાઉનલોડ કરી શકે છે. સીબીએસઈ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૩ માર્ચ ૨૦૨૪એ પૂર્ણ થશે અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીએ શરૂ થશે અને ૨ એપ્રિલ ૨૦૨૪એ પૂર્ણ થશે. ધોરણ ૧૦ અને ૧૨ બંનેની બોર્ડ પરીક્ષાઓ એક જ વખતમાં આયોજિત કરવામાં આવશે.

### સોમાલિયાના સમુદ્ર કિનારાની ઘટનાથી ભારત ચિંતામાં

## ૧૫ ભારતીય સહિતનું જહાજ સોમાલિયામાં હાઈજેક થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સોમાલિયાના સમુદ્ર કિનારે એક એમવી લીલા જહાજને હાઈજેક કરી લેવાયાના અહેવાલ મળી રહ્યા છે. આ જહાજ ગઈકાલે હાઈજેક થયું હતું. ભારતીય સૈન્ય આ મામલે સક્રિય થઈ ગઈ છે. અપહરણ કરાયેલા આ જહાજ પર લાઈબેરિયાનું ધ્વજ હતું. માહિતી અનુસાર આ જહાજના ચાલકદળમાં ૧૫ ભારતીય સભ્યો પણ સામેલ છે. ભારતીય નેવીના વિમાન આ જહાજ પર નજર રાખી રહ્યા છે અને ચાલક દળની સાથે કમ્યુનિકેટ કરી રહ્યા છે. આ ઘટના બાદથી ભારતીય નેવીનું યુદ્ધજહાજ આઈએનએસ ચેન્નઈ પણ સ્થિતિનો સામનો કરવા જહાજ તરફ આગળ વધી રહ્યું છે. સોમાલિયા નજીક કોઈ જહાજના હાઈજેકની આ પ્રથમ ઘટના નથી. તાજેતરમાં જ સોમાલિયામાં સમુદ્રી ચાંચિયાઓએ અરબ સાગરમાં માલ્ટાના જહાજ એમવી રુએનને હાઈજેક કરી લીધું હતું.





વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ભવ્ય શુભારંભ થવા જઈ રહ્યો છે ત્યારે સૌને આવકારવા ગાંધીનગર સંપૂર્ણ સજ્જ બન્યું છે. વડાપ્રધાન સહિતના મહેમાનોના સ્વાગત માટે ગુજરાતની રાજધાની ગાંધીનગરને દુલ્હનની જેમ સજાવવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગરના હાર્દસમા વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના સેન્ટ્રલ વિસ્ટાને રાત્રે વાઈબ્રન્ટ-તિરંગા સહિતની વિવિધ થીમ આધારિત રોશની-લેઝર લાઈટથી શણગારવામાં આવ્યું છે જેના પરિણામે સેન્ટ્રલ વિસ્ટા નગરજનો માટે સેલ્ફી પોઈન્ટ બન્યો છે.




# અમદાવાદમાં ૧૮મા ગાઈહેડ પ્રોપર્ટી શો નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

## મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સી.એસ.આર પ્રવૃત્તિઓ દ્વારા કાર્બન ફુટ પ્રિન્ટ ઘટાડવા અર્બન ફોરેસ્ટનાં વિકાસ અને શાળાઓના અપગ્રેડેશન, સ્માર્ટ ક્લાસ માટે ક્રેડાઇ-ગાઇહેડ અને બે સંસ્થાઓ વચ્ચે MoU સંપન્ન

। અમદાવાદ, તા.૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ૧૮મા ગાઈહેડ પ્રોપર્ટી શો નો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશમાં વિરાસતોની મહત્તા અને જાળવણી સાથે સમયાનુકુલ વિકાસ પણ થઈ રહ્યો છે. તેમણે આગામી દિવસોમાં રામલલ્લાના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટેનો જે માહોલ ઉભો થયો છે તેને ભગવાન રામના લંકાથી અયોધ્યા આગમન વેળાના ઉત્સાહપૂર્ણ ઉલ્લાસમય તહેવાર જેવા માહોલ સમાન ગણાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિરાસતના ગૌરવના આવા માહોલ સાથે ગુજરાતમાં પણ વાઈબ્રન્ટ સમિટના ૨૦૨૪ના આયોજનથી આધુનિક વિકાસનું વાઈબ્રન્ટ વાતાવરણ ઉભું થયું છે. વડાપ્રધાનશ્રીનાં વિઝનરી નેતૃત્વમાં મહાકાલ લોક જેવા ગૌરવવંતા પ્રોજેક્ટ દેશમાં પૂર્ણ થઈ રહ્યાં છે અને દેશમાં અલગ સ્પીડ અને સ્કેલ પર વિકાસ થઈ રહ્યો છે. પહેલાં લોકો કહેતાં હતાં કે અમેરીકા જેવો વિકાસ, પરંતુ હવે






લોકો કહે છે કે, ભારત જેવો વિકાસ, એવું વિઝનરી નેતૃત્વ આપણને મળ્યું છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગ્રીન એન્વાયરમેન્ટનો કોન્સેપ્ટ આપ્યો છે, નેટ ઝીરો તરફ જવાનો તેમનો સંકલ્પ છે તે દિશામાં આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ક્રેડાઈ દ્વારા CSR અન્વયે થયેલાં MoU નો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આપણે સૌ સાથે મળીને સેવાભાવી પ્રવૃત્તિઓ કરીએ તો સમાજમાં મોટી ઈમ્પેક્ટ આપણે લાવી શકીએ. વડાપ્રધાનશ્રીએ એક ભારત-શ્રેષ્ઠ ભારતનો મંત્ર આપ્યો છે ત્યારે આપણે રાષ્ટ્રનાં વિકાસની દિશામાં આગળ વધવું જોઈએ, સરકારની સાથે સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ, વેપારી મંડળો સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય ત્યારે વિકાસની ગતિ બમણી થાય છે તેમ તેમણે જણાવ્યું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં, ક્રેડાઈ દ્વારા તેના ૨૫ વર્ષની ઉજવણીનાં ભાગ રૂપે લેવાયલા પાંચ સંકલ્પો પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી.

આ સંદર્ભે ક્રેડાઈ અમદાવાદના પ્રેસીડેન્ટ ધ્રુવ પટેલે જણાવ્યું હતું કે સી.એસ.આર. પ્રવૃત્તિઓ વધુ ઈમ્પેક્ટફૂલ બને તે દિશામાં આવનાર દિવસોમાં કામ થશે. અમદાવાદ જિલ્લામાં ૫૦ સરકારી શાળાઓ અપગ્રેડ કરવા, સ્માર્ટ સ્કૂલ્સ તૈયાર કરવા અને ગર્લ્સ-બોય્ઝનાં અલગ ટોયલેટ બનાવવા માટે તેમણે યુવા અનસ્ટોપેબલ સાથે MoU કર્યા હતા. અમદાવાદમાં અર્બન ફોરેસ્ટ તૈયાર થાય તે માટે ૧ લાખ વૃક્ષોનું વાવેતર કરીને તેની માવજત દ્વારા કાર્બન ફુટ પ્રિન્ટ ઘટાડવા માટે ક્રેડાઈ-ગાઈહેડ દ્વારા સશક્ત સંસ્થા સાથે MoU કરવામાં આવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, બિલ્ડર સમુદાયનાં પ્રશ્નો અંગે સરકાર જરૂરિયાત મુજબ યોગ્ય નિર્ણય કરવા સકારાત્મક અભિગમ ધરાવે છે. રાજ્યસભાના સાંસદશ્રી નરહરી અમીન, અમદાવાદના મેયર સુ.શ્રી પ્રતિભા જૈન, વેજલપુરનાં ધારાસભ્યશ્રી અમિતભાઈ ઠાકર, ક્રેડાઈ ઈન્ડિયાના પ્રેસીડેન્ટ શ્રી શેખર પટેલ, ક્યુ.સી.આઈ.ના શ્રી જક્ષય શાહ, ક્રેડાઈ ગાઈહેડના અન્ય હોદેદારો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા.

### ન્યૂઝ બ્રિફ

## માવઠાના સંકટથી ગુજરાતના ખેડૂતોમાં ચિંતા વધી ગઈ

। અમદાવાદ, તા.૫ ।

કડકડતી ઠંડી વચ્ચે રાજ્યમાં ફરી માવઠાનું સંકટ ઘેરાયુ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આઠથી ૧૦ જાન્યુઆરી વચ્ચે રાજ્યમાં કમોસમી વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્ર, ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં માવઠું પડી શકે છે. બે દિવસ તાપ માનમાં ખાસ ફેરફારની શક્યતા નહીંવત છે. રાજ્યના ખેડૂતો માટે માઠા સમાચાર આવ્યા હતા. હવામાન વિભાગે ૮ થી ૧૦ જાન્યુઆરી કમોસમી વરસાદ પડવાની આગાહી કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૩ દિવસ તો વાતાવરણ સૂકું રહેશે પરંતુ ભેજનું પ્રમાણ વધતા ૮ થી ૧૦ જાન્યુઆરી સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસશે. હવામાન વિભાગના મતે આગામી ૨ દિવસ તો તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય પરંતુ બે દિવસ બાદ ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધશે અને ઠંડીથી આંશિક રાહત મળશે. વરસાદની આગાહીને પગલે માર્કેટ યાર્ડોને ફરી એકવાર સતર્ક કરાયા હતા. બનાસકાંઠા ડિઝાસ્ટર વિભાગે ખેતીવાડી તેમજ બાગાયત વિભાગને પત્ર લખ્યો હતો જેમાં માર્કેટ યાર્ડોને ખુલ્લામાં પડેલા અનાજને સુરક્ષિત સ્થળો પર ખસેડવા સૂચના અપાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં કડકડતી ઠંડી પડવાની સંભાવના છે. હરિયાણા, ચંડિગઢ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૪ થી ૫ જાન્યુઆરી સુધી હાડ થીજવતી ઠંડી પડી શકે છે.



શાહીબાગ સરદાર પટેલ સ્મારક ભવનમાં બોમ્બની ધમકી મળતા બોમ્બ સ્કવોડ તાત્કાલિક તપાસ કરવા માટે પહોંચી હતી.

### સરકારી નોકરીની લાલચ આપી

## ખેડામાં પાંચ વ્યક્તિઓ સાથે ૫૩ લાખની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

સરકારી નોકરીની લાલચે ખેડા જિલ્લામાં પાંચ વ્યક્તિઓ સાથે ૫૩ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. પોલીસ ફરિયાદ પ્રમાણે મનદીપસિંહ વાઘેલા, ચિરાગ પટેલ, ધવલ પટેલ, જીગર અને ગુપ્તા નામના શખ્સે ગાંધીનગરમાં મોટી ઓળખ અને સરકારી નોકરી અપાવવાના નામે ૫૩ લાખ રૂપિયા પડાવ્યા છે.

આ કેસમાં આણંદની ક્રિશ્ચિયન કોલેજમાં કામ કરતાં ક્લાર્ક સચિન પરમાર, તેની પત્નિ, ભાઈ અને અન્ય બે લોકો છેતરપિંડીના શિકાર બન્યા છે. હાલ પોલીસે ફરિયાદના આધારે આરોપીઓની ધરપકડ કરી છે. નડિયાદમાં આવેલા ખેતા તળાવ નજીક રોકડ રૂપિયાની લેતી દેતી થઈ હતી. ક્લાર્ક સચિન પરમારની પત્નિ, ભાઈ અને મિત્રોને બનાવટી એપોઈન્ટમેન્ટ લેટર પધરાવી છેતરપિંડી આચરી છે. ભોગ બનનાર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હોઈ ઠગોએ ગાંધીનગર મોટા સાહેબને રૂપિયા આપવાનું જણાવી ઠગાઈ કરી હતી. વોટ્સએપમાં એપોઈનમેન્ટ લેટર મોકલતા તેની ખરાઈ કરતા તે બનાવટી હોવાનુ ખૂલ્યું છે. ટુકડે ટુકડે રોકડ તેમજ ઓનલાઈન રૂપિયા પડાવી નોકરી ન આપતા છેતરપિંડી બાબતે નડીયાદ ટાઉન પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવાઈ છે. ઠગાઈ કરનાર મનદીપસિંહ વાઘેલા, ચિરાગ પટેલ, ધવલ પટેલ જીગર અને ગાંધીનગરના અધિક અધિકારીની ઓળખ આપનાર ગુપ્તા વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### માંડલ તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા થઈ પૂર્ણ

## માંડલ તાલુકાના ૩૬ ગામોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફરી

। અમદાવાદ, તા.૫ ।

દેશભરમાં છેવાડાના લોકો સુધી જનકલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડવાના ઉમદા ધ્યેય સાથે સમગ્ર દેશમાં 'સરકાર આપના દ્વાર' સૂત્ર સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના અનેક ગામડાંઓમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ચાલી રહી છે. માંડલ તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા પૂર્ણ થઈ છે. તાલુકાના ૩૬ ગામડાઓમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ફરી છે. ઠેર ઠેર ગામડાઓમાં રથનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરાયું હતું. ૩૬ ગામડાઓમાં આશરે ૧૫,૦૦૦ જેટલા લોકોએ ઉપસ્થિત રહી વિકસિત ભારતના શપથ લીધા હતા. આ ઉપરાંત ૭૦૦૦થી



વધુ લોકોએ હેલ્થ ચેકઅપ કેમ્પનો નિઃશુલ્ક લાભ લીધો હતો. વધુમાં, માંડલ તાલુકામાં આશરે ૫૦૦૦થી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરાયું હતું. આ સાથે સાથે ૩૦૦ જેટલા યુવાનોએ 'માય ભારત' પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ગામડાંઓમાં પાત્રતા ધરાવતા અનેક લાભાર્થીને સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું.

## અયોધ્યાના રામ મંદિર માટે અમદાવાદમાં તૈયાર થયેલા ધ્વજદંડનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું





। અમદાવાદ, તા.૫ ।

અયોધ્યામાં ૫૦૦ વર્ષ પછી રામ મંદિરનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે તેમાં અમદાવાદનું મહત્વનું યોગદાન રહ્યું છે. અયોધ્યાના રામ મંદિર માટે અમદાવાદમાં શાસ્ત્રોત્તરૂપ થી પિત્તળનો ધ્વજદંડ તૈયાર થયો છે. આ ધ્વજદંડનું અમદાવાદથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું છે. વડાપ્રધાન શ્રી



નરેન્દ્રભાઈ મોદી અયોધ્યામાં આ ધ્વજદંડની પૂજા પણ કરવાના છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી અંબિકા એન્જિનિયરિંગ વર્કસના શ્રી ભરતભાઈ મેવાડા અને તેમની ટીમ દ્વારા અયોધ્યા રામ મંદિર માટે ધ્વજદંડ બનાવવામાં આવ્યો છે. આ અવસરે ગોતાથી વૈષ્ણોદેવી સુધી ભવ્ય શોભાયાત્રા પણ નીકળી હતી. આ ધ્વજદંડના પ્રસ્થાન પ્રસંગે સર્વે ધારાસભ્ય શ્રી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી જગદગુરુ રામ ભટ્ટાચાર્ય મહારાજ, મહામંડલેશ્વર મા વિશ્વેશ્વરી ભારતીજી, મહામંડલેશ્વર ઋષિ ભારતીબાપુ, આચાર્ય ડોક્ટર રાજાશાસ્ત્રીજી, મહંતશ્રી રામસ્વરૂપ પુરી મહારાજ, મહંત શ્રી ધરજગીરી ગોસ્વામી તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશેષ

### પ્રગતિના પથ પર અગ્રેસર છોટા ઉદેપુર જિલ્લાની બહેનો

# નસવાડી-કવાંટ તાલુકાની સ્વ સહાય જૂથની બહેનોએ સ્વનિર્ભર બની પ્રગતિનો માર્ગ કંડાર્યો







। (માહિતી) છોટાઉદેપુર ।

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી અને કવાંટ ખાતે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન કાર્યક્રર્મ અંતર્ગત તારીખ ૦૫ જાન્યુઆરીના રોજ નસવાડી ગ્રામ પંચાયત સભાખંડમાં સંસદસભ્યશ્રી ગીતાબેન રાઠવાના અધ્યક્ષસ્થાને કેશ-ક્રેડીટ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વ સહાય જૂથોની મહિલા કાર્યકરોએ ભાગલીધો હતી. નસવાડીના કેમ્પમાં ૧૭૮ સ્વ સહાય જુથોને કેશ ક્રેડીટની કુલ રકમ રૂ.૧૦૬૮ લાખ મંજૂર કરવામાં આવી હતી. જે પૈકી ૧૧૯ જૂથોને આજરોજ રૂ. ૨૫૫.૨૦ લાખની રકમ ધિરાણ કરવામાં આવી હતી અને ૨૨ જૂથોને રૂ. ૬૨ લાખની રકમ નો ચેક મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૫૩ અન્ય સ્વ સહાય જૂથોને મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે ૪૪ જૂથોને બેંકમાંથી ધિરાણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કવાંટ તાલુકાના કેમ્પમાં ૧૩૬ જુથોને કેશ ક્રેડીટ કુલ રૂ.૮૧૬ લાખની રકમ મંજૂર કરવામા આવી હતી અને તે પૈકી ૮૩ જૂથોને આજરોજ રૂ.૧૬૮.૭૦ લાખની રકમ ધિરાણ કરવામાં આવી હતી. આ ૧૭ જૂથોને રૂ.૩૨.૭૦લાખની રકમના ચેક મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતા. તેમજ ૬૦ જૂથોને મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે ૬ જૂથોને બેંકમાં ધિરાણ આપવામાં આવ્યા હતા. આટલા મોટા પ્રમાણમાં સ્વ સહાય જૂથોને મળેલા ભંડોળથી બહેનો અને નાના પરિવારોને રોજગારી મળશે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કોર્પોરેશન લી. ગાંધીનગરના જનરલ મેનેજરશ્રી ઓમદેવસિંહ ચુડાસમા અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટર શ્રી કે.ડી ભગત ઉપસ્થિતિ રહ્યા હતા. કેમ્પમાં બેંકના લીડ મેનેજર, નસવાડી ટીડીઓશ્રી, નસવાડી ટીએલએમ તેમજ તાલુકાની દરેક બેંકોના બ્રાંચ મેનેજરશ્રીઓ અને મોટી સંખ્યામાં સ્વ સહાય જૂથની બહેનો ઉપસ્થિતિ રહ્યી હતી.

# બાઈડને ૨૦૨૨-૨૩માં ૧.૪૨ લાખ લોકોને ડિપોર્ટ કર્યા

## બાઈડને ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ અમેરિકાની સત્તા સંભાળી હતી, અને તે વર્ષમાં અમેરિકાએ ૫૯ હજાર લોકોને ડિપોર્ટ કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકામાં ગમે તેમ કરીને એકવાર ઘૂસી જાઓ, પછી તમારૂં કોઈ કશુંય નહીં બગાડી લેપ' એજન્ટોની બસ આ જ વાત સાચી માનીને દર વર્ષે હજારો ગુજરાતીઓ લાખો રૂપિયા ખર્ચીને વગર કંઈ લાંબુ વિચારે અમેરિકા જવા નીકળી પડે છે. જોકે, ઈમિગ્રન્ટ્સ તરફી વલણ ધરાવતા અમેરિકાના હાલના પ્રેસિડેન્ટ જો બાઈડન પણ હવે દેશમાં ગેરકાયદે રીતે ઘૂસેલા લોકોને ફટાફટ ડિપોર્ટ કરી રહ્યા છે. અમેરિકન એજન્સી ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટના ૨૦૨૨-૨૩ના રિપોર્ટમાં બાઈડનના કાર્યકાળમાં અત્યારસુધી ડિપોર્ટ થયેલા લોકોના આંકડા બહાર પાડવામાં આવ્યા છે, જેમાં સ્પષ્ટ જણાય છે કે સત્તા ગ્રહણ કર્યાના બે વર્ષ સુધી નરમ વલણ અપનાવ્યા બાદ હવે બાઈડનની સરકાર ઈલીગલ ઈમિગ્રન્ટ્સને ફટાફટ ડિપોર્ટ કરી રહી છે, અને ડિપોર્ટ થયેલા લોકોના આંકડામાં પણ ૨૦૨૧ અને ૨૦૨૨ની સરખામણીએ જંગી ઉછાળો આવ્યો છે. બાઈડને ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ અમેરિકાની સત્તા સંભાળી હતી, અને તે વર્ષમાં અમેરિકાએ ૫૯ હજાર લોકોને ડિપોર્ટ કર્યા હતા, ત્યારપછીના વર્ષમાં આ આંકડો ૭૨,૧૭૭ થયો હતો. જોકે, ૨૦૨૨-૨૩માં આ આંકડો વધીને સીધો ૧,૪૨,૫૮૦ પર પહોંચી ગયો છે. જેમ ભારતમાં નાણાકીય વર્ષ એપ્રિલથી માર્ચ સુધી ગણાય છે તેમ અમેરિકામાં નાણાંકીય વર્ષનો ગાળો ઓક્ટોબરથી સપ્ટેમ્બર મહિના સુધીનો હોય છે. બાઈડન સત્તા પર આવ્યા ત્યારે કોરોનાને કારણે બોર્ડર પર અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર ઘણા નિયંત્રણો હોવાથી ઈમિગ્રન્ટસની સંખ્યા પણ પ્રમાણમાં ઓછી હતી. જોકે, ૨૦૨૧ના અંત સુધીમાં મોટાભાગના નિયંત્રણો હળવા થઈ ગયા હતા, તેમજ ૨૦૨૩ના મધ્યમાં ટાઈટલ ૪૨ પણ એક્સપાયર થતાં અમેરિકામાં બોર્ડર ક્રોસ કરીને આવતા લોકોની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. ૨૦૨૩ના વર્ષમાં અમેરિકામાં ક્યારેય ના ઘૂસ્યા હોય તેટલા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ આવ્યા છે, જેની સામે ૨૦૨૨-૨૩માં ડિપોર્ટ થયેલા લોકોનો આંકડો દોઢ લાખથી પણ ઓછો છે. બાઈડનની સરખામણીમાં તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવામાં ઘણા આગળ હતા. ICE દ્વારા જે છ વર્ષના આંકડા બહાર પાડવામાં આવ્યા છે તેમાં ડોનાલ્ડ ટ્રમ્પના શાસનના ત્રણ વર્ષોનો પણ સમાવેશ થાય છે, જે અનુસાર ૨૦૧૭-૧૮માં અમેરિકાએ ૨.૫૬ લાખ, ૨૦૨૯-૨૦માં ૨.૬૭ લાખ અને કોરોનાવાળા ૨૦૨૦ના વર્ષમાં પણ ૧.૮૫ લાખ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કર્યા હતા. અમેરિકા અલગ-અલગ જે દેશોના લોકોને ડિપોર્ટ કરે છે તેનો આંકડો ૧૮૦નો છે, મતલબ કે દુનિયાનો ભાગ્યે જ એવો કોઈ દેશ છે કે જેના નાગરિકને અમેરિકાએ ડિપોર્ટ ના કર્યા હોય. તેમાંય અમેરિકામાં ઘૂસતા સૌથી વધુ લોકો તેની જ આસપાસના મેક્સિકો, ગ્વાટેમાલા, એલ સાલ્વાડોર, કોલંબિયા, ડોમિનિક રિપબ્લિક અને હોન્ડુરાસ જેવા દેશોના લોકો હોય છે, અને ડિપોર્ટ થનારા લોકોમાં પણ આ જ દેશના લોકો સૌથી વધારે હોય છે. હવે વાત કરીએ જો બાઈડનના કાર્યકાળમાં ડિપોર્ટ થયેલા ભારતીયોની સંખ્યાની.. ૨૦૨૨-૨૩માં અમેરિકામાં લગભગ ૯૭ હજારની આસપાસ ભારતીયો ઈલીગલી પ્રવેશ્યા હોવાનો તાજેતરમાં જ એક રિપોર્ટ બહાર આવ્યો હતો.



નવી દિલ્હીમાં સંતગઢ ખાતે વિકસીત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

### દ.આફ્રિકાના ટેસ્ટમાં પરાજય આપતા ભારતને લાભ

## ઈન્ડિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગયું

। (એજન્સી) દુબઈ, તા.૫ ।



ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને કેપટાઉનમાં પ્રથમ વખત ટેસ્ટ મેચમાં હરાવીને ઈતિહાસ રચતા સીરિઝ પણ ૧-૧થી બરાબર કરી લીધી છે, અને આ ભવ્ય જીત સાથે જ ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. ભારતીય ટીમે કેપટાઉન ટેસ્ટમાં સાઉથ આફ્રિકાને બીજા દિવસે જ ૭ વિકેટ હરાવ્યું હતું.

રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ સાઉથ આફ્રિકા સામે સેન્ચ્યુરીયન ટેસ્ટમાં એક ઈનિંગ અને ૩૨ રનથી હારી ગયા બાદ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા નંબરે સરકી ગઈ હતી, જો કે કેપટાઉન ટેસ્ટ જીતવાની સાથે જ ભારતે સાઉથ આફ્રિકાની ટીમને ટોચના સ્થાનેથી હટાવીને સીધી જ ટોપ પર પહોંચી ગઈ છે. સાઉથ આફ્રિકાને સામે જીતમાં જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજે મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારત સામેની હાર બાદ સાઉથ આફ્રિકાની જીતની ટકાવારીમાં ઘટીને ૫૦ ટકા થઈ ગઈ છે જ્યારે ભારતની ૫૪.૧૬ થઈ છે. આ સાથે જ ભારત સીરિઝને ૧-૧થી બરાબર કરવામાં સફળ રહ્યું હતું.

### દેશભરના મેડિકલ સ્ટુડન્ટ માટે મહત્વના સમાચાર

## મેડિકલના સ્ટુડન્ટ્સ એક વર્ષે ૨૦ વીકલી ઓફ લઈ શકશે

### મેડિકલ સ્ટુડન્ટે અભ્યાસક્રમ દરમિયાન 3 મહિના જિલ્લા હોસ્પિટલમાં પસાર કરવાના રહેશે, નવા નિયમોનો અમલ શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દેશભરના મેડિકલ સ્ટુડન્ટ માટે મહત્વના સામાચાર સામે આવી રહ્યા છે જેમાં સ્ટુડન્ટના વર્કિંગ અને રજાઓને લઈને નવા નિયમ બનાવવામાં આવ્યા છે જેનો અમલ પણ શરુ કરી દેવામાં આવ્યો છે. નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ મેડિકલમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટની લાઈફને થોડી સરળ બનાવવા માટે આ નિર્ણય કર્યો છે જેમાં સ્ટુડન્ટ હવે દર વર્ષે શૈક્ષણિક રજાઓ ઉપરાંત ઓછામાં ઓછી ૨૦ વીકલી ઓફ લઈ શકશે.

આ આદેશને લઈને એક સૂચના જાહેર કરીને મેડિકલ કોલેજો અને યુનિવર્સિટીઓને મોકલવામાં આવી છે અને તેમને આ નવા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર



નેશનલ મેડિકલ કમિશન (એનએમસી)ની બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં મેડિકલ સ્ટુડન્ટે તેમના અભ્યાસક્રમ દરમિયાન ૩ મહિના જિલ્લા હોસ્પિટલમાં પસાર કરવાના રહેશે.

આ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) કોર્સમાં પ્રવેશ માટે કાઉન્સેલિંગ હવે સરકારી એજન્સીઓ દ્વારા ઓનલાઈન કરવામાં આવશે તેમજ મેડિકલના સ્ટુડન્ટોએ હવે ફુલ ટાઈમ રેસિડેન્ડ ડૉક્ટર તરીકે કામ કરવું પડશે, જો કે આ દરમિયાન એક દિવસ આરામ કરવા માટે પણ સમય આપવામાં આવશે.

### થાણેની મલંગ શાહની દરગાહને લઈને ફરી વિવાદ

## ગુરુ મચ્છીન્દ્રનાથ મંદિરને હું આઝાદ કરાવીશ : એકનાથ શિંદે

### દરગાહની નીચે મંદિરોના દાવાનું સમર્થન કરતા મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનનું મંદિરને આઝાદ કરાવવાનું લોકોને વચન

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સ્થિત હાજી અબ્દુલ રહેમાન ઉર્ફે મલંગ શાહની દરગાહને લઈને ફરી એકવાર વિવાદ ઉભો થયો છે. હિન્દુ સંગઠનોનો દાવો છે કે આ દરગાહની નીચે હિન્દુ મંદિરો છે. તેમણે તપાસની માંગણી તેજ કરી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હિન્દુ સંગઠનોના આ પ્રયાસને સમર્થન આપ્યું છે. મલંગ શાહ દરગાહ થાણેની માથેરાન ટેકરીઓ પર સ્થિત દુર્ગ (કિલ્લા)માં સ્થિત છે. કિલ્લાનું નામ મલંગગઢ છે. હાજી મલંગ શાહ નામની આ દરગાહ અહીં આવેલી છે. મુસ્લિમ પક્ષનું કહેવું છે કે આ દરગાહ સૂફી ફકીર અબ્દુલ રહેમાન અથવા અબ્દુલ રહેમાનની છે, જે ૧૨મી સદીમાં યમનથી ભારત આવ્યા હતા. બીજી તરફ, હિન્દુ પક્ષ આ દલીલ સાથે સહમત નથી. હિંદુ



પક્ષનું કહેવું છે કે તે મુસ્લિમ દરગાહ નથી, પરંતુ ગુરુ મચ્છિન્દ્રનાથ, ગુરુ ગોરખનાથના ગુરુ અને નવનાથમાંથી એક મંદિર છે. હિન્દુ પક્ષનું કહેવું છે કે નાથ પરંપરાને સમર્પિત આ હિન્દુ મંદિર આ દરગાહની નીચે સ્થિત છે. આ દરગાહને લઈને સદીઓથી વિવાદ ચાલી રહ્યો છે. ૧૮મી સદીમાં મરાઠાઓએ આ ધાર્મિક સ્થળનું સંચાલન કરવા કાશીનાથ પંત કેતકરને મોકલ્યા હતા. ત્યારથી આજ સુધી કાશીનાથ પંત કેતકર નામના બ્રાહ્મણનો પરિવાર આ દરગાહનું સંચાલન સંભાળે છે. જોકે, સ્થાનિક મુસ્લિમોએ તેનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે અહીં એક દરગાહ છે અને તેનું સંચાલન કોઈ હિન્દુ કરી શકે નહીં.

જો કે, પાછળથી લોટરી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો, જેમાં કેતકરની તરફેણમાં નિર્ણય ગયો. આ પછી, ૧૯૮૦ ના દાયકામાં આ દરગાહ પર વધુ એક વિવાદ થયો હતો. શિવસેનાના નેતા આનંદ દિઘેએ દરગાહની બાજુમાં મંદિર હોવાના દાવા પર અવાજ ઉઠાવ્યો હતો. અને ૧૯૯૬માં મચ્છીન્દ્રનાથના મંદિરને લઈને શિવસૈનિકોએ અહીં પૂજા કરી હતી. મહારાષ્ટ્રના તત્કાલિન મુખ્યમંત્રી મનોહર જોશીએ પણ આ પૂજામાં ભાગ લીધો હતો. અહીં હિંદુઓ મચ્છીન્દ્રનાથની પૂજા કરે છે, આરતી કરે છે અને દરરોજ ભોજન ચઢાવે છે. અહીં દર પૂર્ણિમાના દિવસે વિશેષ પૂજા કરવામાં આવે છે.

## ભારતની પીચ પર રમે ત્યારે હવે મોઢું બંધ રાખે : રોહિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રામાયેલી બે ટેસ્ટ મેચની સીરિઝની બીજી અને છેલ્લી મેચ પુરા બે દિવસ પણ ચાલી શકી ન હતી. ઝડપી અને બાઉન્સવાળી પીચ પર વિકેટોનો વરસાદ જોવા મળ્યો હતો જેના કારણે મેચનું રિઝલ્ટ ફક્ત દોઢ દિવસમાં જ આવી ગયું હતું. સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ સીરિઝ ન જીતવાની પીડા રોહિત શર્માના ચહેરા પર દેખાઈ હતી, જો કે તેમણે કહ્યું હતું કે કેપટાઉનમાં મળેલી ઐતિહાસિક જીત માટે ગર્વ અનુભવશે. ભારતે સીરિઝની પેહલી ટેસ્ટ મેચમાં એક ઈનિંગ અને ૩૨ રને હારનો સામનો કર્યા બાદ શાનદાર વાપસી કરતા પાંચ સેશનની અંદર જ બીજી ટેસ્ટ જીતીને બે મેચની સીરિઝ ૧-૧થી બરાબર કરી હતી. રોહિતે મેચ પુરો થયા બાદ કહ્યું હતું કે અમને ભારતની બહાર અમારા પ્રદર્શન પર ગર્વ છે. સાઉથ આફ્રિકા સામે રમવું હંમેશા પડકારજનક છે અને અમે અહીં આવીને જીતીને ગર્વ અનુભવી શકીએ છીએ. આ ઉપરાંત તેમણે કહ્યું હતું આ મેચ જીતવા માટે અમારી પાસે કેટલીક યોજનાઓ હતી.

### કોરોનાએ કેન્દ્ર-રાજ્ય સરકારોની ચિંતા વધારી

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૬૧ કેસ, ૧૨ જણાનાં મોત થયા

### એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૩૩૪ થઈ, સૌથી ખરાબ સ્થિતિ કર્ણાટક રાજ્યની છે જ્યાં ૨૯૮ નવા કેસ નોંધાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દેશમાં વધી રહેલા કોરોનાના કેસથી કેન્દ્ર અને રાજ્ય સરકારોનું ટેન્શન વધારી દીધુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશમા છેલ્લા ૨૪ કલાકમાં ૭૬૧ કેસ નોંધાયા છે જ્યારે કોરોનાથી ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો છે, જો કે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૩૩૪ થઈ ગઈ છે.

ભારતમાં કોરોના ના કેસ ફરી વધવા માંડ્યા છે જેમાં સૌથી ખરાબ સ્થિતિ કર્ણાટક રાજ્યની છે જ્યાં ગઈકાલે ૨૯૮ નવા કેસ નોંધાયા



હતા જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૪ લોકોના મોતના સમાચાર છે, આ સાથે ચિંતાજનક બાબત એ છે કે કોરોનાનો પોઝિટિવ દર પણ ૩.૪૬ ટકાથી વધીને ૩.૮૨ ટકા થયો હતો. આ સિવાય વધુમાં આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર કર્ણાટકમાં ૨૯૮ કેસમાંથી એકલા ૧૭૨ કેસ બેંગલુરુના છે જ્યારે હસન જિલ્લામાં ૧૯, મૈસુરમાં ૧૮ અને દક્ષિણ કન્નડમાં ૧૧ કેસ નોંધાયા છે. જો કે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૩૩૪ થઈ ચૂકી છે. કર્ણાટક બાદ મહારાષ્ટ્રમાં પણ ચિંતાજનક રીતે કેસ વધી રહ્યા છે અને ગઈકાલે કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧ના ૭૮ કેસ નોંધાય હતા જ્યારે અહીં અત્યાર સુધીમાં કુલ ૧૧૦ કેસ નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૧૭૧ નવા કેસ નોંધાયા છે.

### શેરબજારમાં ટ્રેડિંગમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો

## સેન્સેક્સમાં ૧૭૮, નિફ્ટીમાં ૫૦ પોઈન્ટનો વધારો નોંધાયો

### ટોચના લાભાર્થીઓમાં, અદાણી પોર્ટ્સ, ટીસીએસ, એલએનટી અને એલટીઆઈ માઇન્ડ ટ્રીના શેર ઉછળ્યા બંધ થયા હતા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

નવા કેલેન્ડર વર્ષના પ્રથમ સપ્તાહના છેલ્લા કાર્યકારી દિવસ શુક્રવારે શેરબજારનો કારોબાર ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૭૨૦૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તર સુધી પહોંચવામાં સફળ રહ્યો અને લગભગ ૧૭૮ પોઈન્ટના વધારા સાથે ૭૨૦૨૬ ના સ્તર પર બંધ થયો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી લગભગ ૫૦ પોઈન્ટના વધારા સાથે ૨૧૭૦૮ ના સ્તર પર બંધ કરવામાં સફળ રહ્યો હતો. શુક્રવારે



શેરબજારમાં ટ્રેડિંગમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. દિવસના ટ્રેડિંગમાં બીએસઈસેન્સેક્સે ૭૨૪૮૪ ની ઊંચી સપાટી જોઈ અને ઘટીને ૭૧,૮૧૬ ની નીચી સપાટીએ આવી. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં શુક્રવારે ૨૧૬૩૦ની નીચી સપાટી જોવા મળી હતી જ્યારે ૨૧૭૪૪ની ઊંચી સપાટી જોવા મળી હતી. શેરબજારની તેજીની કામગીરી દર્શાવતા સૂચકાંકોની વાત કરીએ તો શુક્રવારે નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટીમાં વધારો નોંધાયો હતો જ્યારે નિફ્ટી બેંક ઈન્ડેક્સ નબળાઈ પર કામ કરી રહ્યા હતા. ટોચના લાભાર્થીઓમાં, અદાણી પોર્ટ્સ, ટીસીએસ, એલએનટી અને એલટીઆઈમાઈન્ડ ટ્રીના શેર ઉછળીને બંધ થયા હતા.

### ન્યૂઝ બ્રિફ

## પ્રેક્ટિસ મેચ રમ્યા હોત તો શ્રેણી જીતવાની તક હતી : ગાવસ્કર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતે બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકાને ખરાબ રીતે કચડી નાખ્યું છે. પ્રથમ ટેસ્ટ મેચમાં હારનો સામનો કરી રહેલી ટીમ ઈન્ડિયાએ બીજી ટેસ્ટ માત્ર બે દિવસમાં જીતી લીધી હતી. દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો ભારતીય બોલરો સામે ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા. યજમાન ટીમ બંને દાવમાં સંયુક્ત રીતે ૨૩૧ રન જ બનાવી શકી હતી. ૧૪૬ વર્ષના ક્રિકેટ ઈતિહાસમાં આ સૌથી ટૂંકી ટેસ્ટ મેચ છે. આ જીત બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે ખુશીની સાથે દુખ પણ વ્યક્ત કર્યું હતું. સુનીલ ગાવસ્કરે કહ્યું કે આ મેચ દોઢ દિવસમાં પૂરી થઈ ગઈ. તેનાથી સાબિત થાય છે કે આ સાઉથ આફ્રિકાની ટીમ કેટલી નબળી છે. જો ભારત વધુ સારી રીતે તૈયાર થઈને પ્રેક્ટિસ રમતો રમ્યું હોત, તો તેમાં કોઈ શંકા નથી કે તેઓ શ્રેણી જીતીને પરત ફર્યા હોત. પરંતુ દુઃખની વાત એ છે કે ફાઈનલ ફ્રન્ટિયર તરીકે ઓળખાતી સિરીઝ જીતવા માટે આપણે હજુ ૪ વર્ષ રાહ જોવી પડશે. સ્ટાર સ્પોર્ટ્સના પોસ્ટ મેચ શોમાં ઈરફાન પઠાણે પણ ગાવસ્કરની સાથે સહમત થયા હતા.

## ભારતની રેકોર્ડ જીત છતાં ભારતનાં પૂર્વ ક્રિકેટર નારાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતે બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકાને ખરાબ રીતે કચડી નાખ્યું છે. પ્રથમ ટેસ્ટ મેચમાં હારનો સામનો કરી રહેલી ટીમ ઈન્ડિયાએ બીજી ટેસ્ટ માત્ર બે દિવસમાં જીતી લીધી હતી. દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો ભારતીય બોલરો સામે ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા. યજમાન ટીમ બંને દાવમાં સંયુક્ત રીતે ૨૩૧ રન જ બનાવી શકી હતી. ૧૪૬ વર્ષના ક્રિકેટ ઈતિહાસમાં આ સૌથી ટૂંકી ટેસ્ટ મેચ છે. આ જીત બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે ખુશીની સાથે દુખ પણ વ્યક્ત કર્યું હતું. ચાલો જાણીએ ગાવસ્કર અને ઈરફાને શું કહ્યું. સુનીલ ગાવસ્કરે કહ્યું કે આ મેચ દોઢ દિવસમાં પૂરી થઈ ગઈ. તેનાથી સાબિત થાય છે કે આ સાઉથ આફ્રિકાની ટીમ કેટલી નબળી છે. જો ભારત વધુ સારી રીતે તૈયાર થઈને પ્રેક્ટિસ રમતો રમ્યું હોત, તો તેમાં કોઈ શંકા નથી કે તેઓ શ્રેણી જીતીને પરત ફર્યા હોત. પરંતુ દુઃખની વાત એ છે કે ફાઈનલ ફ્રન્ટિયર તરીકે ઓળખાતી સિરીઝ જીતવા માટે આપણે હજુ ૪ વર્ષ રાહ જોવી પડશે.

## પૂજારા અને રહાણેને ટીમ ઈન્ડિયામાં વાપસીની તક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી બે મેચની ટેસ્ટ સિરીઝ ભલે ૧-૧ થી ડ્રો થઈ પરંતુ ભારતીય બેટ્સમેનોએ આ સિરીઝમાં નિરાશ કર્યા છે. ખાસ કરીને યુવાન બેટ્સમેન જેમને દિગ્ગજ બેટ્સમેન ચેતેશ્વર પૂજારા અને પૂર્વ વાઈસ કેપ્ટન અંજિક્ય રહાણેના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. યુવાન બેટ્સમેન આફ્રિકાની ઝડપી અને બાઉન્સી પિચ પર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા. દરમિયાન સિલેક્ટર એક વાર ફરી રહાણે અને પૂજારાની તરફ જોઈ શકે છે. અંજિક્ય રહાણે અને ચેતેશ્વર પૂજારાની પાસે વાપસીની હવે શાનદાર તક છે. આ માટે તેમને ૫ જાન્યુઆરીથી શરૂ થનારી રણજી ટ્રોફી ૨૦૨૪માં શ્રેષ્ઠ પ્રદર્શન કરવુ પડશે. રણજી ટ્રોફીમાં રહાણે મુંબઈના કેપ્ટન છે. પૂજારા સૌરાષ્ટ્ર માટે રમે છે. ઈંગ્લેન્ડ સામે આ મહિનાના અંતમાં શરુ થનારી પાંચ ટેસ્ટ મેચની સિરીઝ માટે ભારતીય ટીમમાં ખૂબ વધુ પરિવર્તન થવાની શક્યતા નથી.

## તંત્રી લેખ...

# ચીનના ગ્લોબલ ટાઈમ્સે ભારતના વખાણ કર્યા

ચીનના ગ્લોબલ ટાઈમ્સે ભારતના ખૂબ વખાણ કર્યા છે. એક લેખમાં તેમણે ભારતની તાકાતનો પણ સ્વીકાર કર્યો છે અને પીએમ મોદીના નેતૃત્વની પણ વ્યાપક પ્રશંસા કરી છે. લેખમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ભારત હવે વ્યૂહાત્મક રીતે વધુ આત્મવિશ્વાસ ધરાવતું દેખાય છે અને વિકાસ તરફ વધુ સક્રિય બન્યું છે. ગ્લોબલ ટાઈમ્સના લેખમાં લખવામાં આવ્યું છે કે, ભારત તેની નિકાસ પર વધુ ભાર આપી રહ્યું છે. ભારતનું વર્ણન વધુ ઉભરી રહ્યું છે અને તેઓ વધુ આત્મવિશ્વાસ અનુભવી રહ્યા છે. લેખમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારત હવે ગુલામીની માનસિકતામાંથી દરેક કિંમતે મુક્ત થવા માંગે છે. રાજકીય રીતે હોય કે સાંસ્કૃતિક રીતે ભારત સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક બનવા માંગે છે.. અત્રે ઉલ્લેખનીય છે કે આ લેખ ફુડાન યુનિવર્સિટીના સેન્ટર ફોર સાઉથ એશિયન સ્ટડીઝના ડાયરેક્ટર ઝાંગ જિયાડોંગ દ્વારા ગ્લોબલ ટાઈમ્સમાં લખવામાં આવ્યો છે. હવે, જો કે ભારતની વધતી શક્તિના અનેક અવસરે વખાણ કરવામાં આવ્યા છે, પરંતુ ચીન તરફથી આ પ્રથમવાર થઈ રહ્યું છે તે આશ્ચર્યજનક છે. ચીન સાથે ભારતના સંબંધો છેલ્લા કેટલાક સમયથી વણસેલા છે, સ્થિતિ એવી છે કે સરહદ પર તણાવ વધી રહ્યો છે. આ દરમિયાન ચીન સરકારનું સૌથી મોટું મુખપત્ર ગણાતા ગ્લોબલ ટાઈમ્સ જો પીએમ મોદીના વખાણ કરે છે તો સમગ્ર વિશ્વ માટે તેનો અર્થ વધી જાય છે. જો કે, આ પ્રશંસા એવા સમયે કરવામાં આવી છે, જ્યારે ચીન સમગ્ર વિશ્વના નિશાને છે.. વાસ્તવમાં એવી અટકળો છે કે ચીન કશીક નવાજૂની દ્વારા ખતરનાક કરવાની તૈયારી કરી રહ્યું છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનમાં લોપ નૂર નામની એક જગ્યા છે જ્યાં ૧૯૬૪માં પહેલું પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવે એવો દાવો કરવામાં આવ્યો છે કે તે વિસ્તારમાં ફરી કેટલીક એવી ગતિવિધિઓ જોવા મળી છે જેના કારણે આશંકા ઉભી થવા લાગી છે કે શી જિનપિંગ કોઈ મોટી વ્યૂહરચના પર કામ કરી રહ્યા છે. જે તસવીરો સામે આવી છે તેમાં ઘણી જગ્યાએ વર્ટિકલ ડ્રિલિંગ જોવા મળ્યું હતું, એટલે કે ઊંડા ખાડાઓ છે. માહિતી મળી રહી છે કે ચીન ગુપ્ત રીતે નવા પ્રકારના પરમાણુ હથિયારો તૈયાર કરવા માટે આવું કરી રહ્યું છે.

## ૯ વર્ષની સામ્યાને અમદાવાદ જિલ્લામાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી

### નાની ઉંમરે મોટી સફળતા અને બાળપણમાં જ એવરેસ્ટ ચડવાનું અદમ્ય સાહસ ધરાવતી ગુજરાતની દીકરી સામ્યા પંચાલ



। (શ્રદ્ધા ટીકેશ, પ્રાદેશિક માહિતી કચેરી) અમદાવાદ ।

સામ્યા પંચાલને ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી છે. સામ્યાએ માત્ર ૯ વર્ષની વયે ૧૭,૫૯૮ ફૂટની ઊંચાઈએ આવેલા માઉન્ટ એવરેસ્ટ બેઝ કેમ્પ પર ગૌરવપૂર્વક ત્રિરંગો ફરકાવ્યો હતો.

સામ્યા નાની ઉંમરે ‘એવરેસ્ટ બેઈઝ કેમ્પ’ને સર કરવાની સિદ્ધિ મેળવનાર ગુજરાતની એકમાત્ર દીકરી છે. તેણે આ સિદ્ધિ પોતાના અદમ્ય સાહસ, કુશળતા અને મહેનતના આધારે પ્રાપ્ત કરી છે. સામ્યાએ માઈનસ ૨૦ ડિગ્રી સેલ્સયસ ઠંડીનો સામનો કરી, ૫,૩૬૪ મીટરની ઊંચાઈએ એવરેસ્ટ બેઝ કેમ્પ પર યોગ કરીને પણ એક રેકોર્ડ બનાવ્યો છે.

તાજેતરમાં રાજ્ય સરકારના મહિલા અને બાળ વિભાગ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયાના હસ્તે ગાંધીનગર ખાતે આયોજિત રાજ્ય કક્ષાના જિલ્લા ચેમ્પિયનોના ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાની ચેમ્પિયન થયેલ દીકરી સામ્યા પંચાલને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. તેની અમદાવાદ જિલ્લાની લોકલ ચેમ્પિયન તેજસ્વિની તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આ સિવાય પણ સામ્યાને વિવિધ પુરસ્કાર અને સિદ્ધિ પ્રાપ્ત થયા છે, જેમાં ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડ તરફથી ‘ગુજરાતની સૌથી નાની ઉંમરની પર્વતારોહક’નો એવોર્ડ, રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તરફથી ‘વિશ્વકર્મા રત્ન એવોર્ડ, ૨૦૨૨’, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત સરકારનો રાજય પર્વતારોહણ પુરસ્કાર, ૨૦૨૨ પ્રાપ્ત થયાં છે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લામાં સામ્યાને ‘બેટી બચાવો, બેટી પઢાવો’ની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી છે. સામ્યા પંચાલનું નામ તેના માતા-પિતા દ્વારા ખૂબ જ સમજદારીપૂર્વક આપવામાં આવ્યું છે. સામ્યાનો અર્થ ‘ઊંચાઈ’ થાય છે અને ગુજરાતની આ બાહોશ દીકરીએ ‘ગુજરાતની સૌથી નાની ઉંમરની પર્વતારોહક’ બની એક મોટી સફળતા પ્રાપ્ત કરી છે. સામ્યાને શિક્ષણ અને કૌશલ્યમાં પહેલેથી જ રસ હતો. ધોરણ ૬માં અભ્યાસ કરતી સામ્યા યોગ, જિમ્નાસ્ટિક, પર્વતારોહક તરીકેનો અનુભવ ધરાવે છે. માત્ર ૬ વર્ષની વયે ૧૦ હજાર ફીટ ઊંચો મનાલીમાં આવેલો ટ્રેક પણ તેણે પૂર્ણ કર્યો છે. ૧૭,૬૦૦ ફૂટની ઊંચાઈએ સાગરમાથાના ખોળામાં તેણે ગૌરવપૂર્વક ત્રિરંગો ફરકાવ્યો હતો અને ગુજરાતની ‘સૌથી યુવા પર્વતારોહક’નું બિરુદ મેળવી ખૂબ જ નાની ઉંમરે મોટી સફળતા મેળવી છે. સામ્યા આ સિદ્ધિ પાછળનો સંપૂર્ણ શ્રેય યોગને આપે છે. માત્ર ૪ વર્ષની વયથી જ યોગાભ્યાસ થકી સામ્યાએ આ અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સામ્યાનું સપનું છે કે તે દક્ષિણ અમેરિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એકોન્કાગુઆ, જેની ઊંચાઈ ૬,૯૬૧ મીટર છે, અને જે હિમાલય પર્વતમાળા બહાર દુનિયાનું સૌથી ઊંચું શિખર છે, તેને હાંસલ કરનારી દુનિયાની સૌથી નાની ઉંમરની પર્વતારોહક દીકરી બની એક વિશ્વ રેકોર્ડ બનાવે.

# મૃતક માનસ મહેમાન છે અને સ્મશાન એ ક્યારેય વિદાય આપે નહીં એવાં યજમાન છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

માનસ સ્મશાનની પાંચમા દિવસની કથામાં પ્રવેશતા જ બાપુએ પદ્મવિભૂષણ મહાન સંગીતજ્ઞ ગિરજા દેવીનું સ્મરણ કર્યું, અને એમને તલગાજરડા આવી હનુમાનજીની સેવામાં ગાયન પ્રસ્તુત કર્યું હતું, એ વાત કરી, અને આજે નથી તો એમને ઠુમરી દ્વારા શ્રદ્ધાંજલિ આપી. તરત જ કથાનો દોર સાધતા સુમંતજી રામ લક્ષ્મણ જાનકી ને વંશ સુધી છોડવા જાય છે, અને નગરજનો પણ તેની સાથે થાય છે, પ્રભુના સમજાવવાથી બધા પાછા પણ ફરે છે, ત્યારનું દ્રશ્ય.

**લાગતિ અવધ ભયાવનિ ભારી,**
**માનહું કાલરાતિ અંધિયારી.**

રામ લક્ષ્મણ જાનકી જ્યારે વન ગમન કરે છે, ત્યારે અયોધ્યા વાસીને અયોધ્યા સ્મશાન જેવી ભયાનક લાગે છે. પણ રામ ચિત્રકૂટથી નીકળે છે તો કોઈને ભયાનક લાગતું નથી, એ જ રીતે લંકામાં દશાનનને નિર્વાણ આપીને પરત ફરે છે, ત્યારે પણ કોઈને ભયંકર લાગતું નથી. એટલે કે અયોધ્યા વાસી રામને અપ્રિતમ પ્રેમ કરે છે, અને એનું જ ભજન દિન રાત કરે છે. ભજનનું રિહર્સલ થતું નથી, એને કોઈ અવસ્થા કે ભૂમિ સાથે લેવાદેવા નથી. મણિકર્ણિકા ઘાટ પર જે કોઈ મૃત્યુ પામે છે, એને મુક્તિ મળે છે અને એ અકાટ્ય છે, એ શ્રદ્ધાનો વિષય છે, શ્રદ્ધાનો કોઈ વિકલ્પ નથી. પરંતુ મુક્તિ માટે ભૂમિ મહત્વની નથી, ભૂમિકા મહત્વની છે. એટલે જ્યારે આપણું હૃદય કાશી બની જાય ત્યારે, ગમે તે સ્થળે મુક્તિ મળી જશે! અને એ રીતે વિચારીએ તો જ્યારે આપણું માનસ એટલે કે હૃદય સ્મશાન બની જાય, ત્યારે મુક્તિ મુઠ્ઠીમાં છે.

સ્થાનાંતરની જરૂર નથી, કાલાંતરની જરૂર નથી, કે દેશાંતરની જરૂર નથી, કેવળ ભાવાંતર થાય એ જ જરૂરી છે. રામ કથા ભક્તિમા વર્ધન કરે છે, પ્રીત વધારે છે, વ્રજવાસીઓને પોતાના ઘર ક્યારેય સ્મશાન નથી લાગ્યા. શૂન્ય જરૂર લાગ્યા છે. ચિત્રકૂટમાં રહેતા કોલ કિરાત આદિવાસીઓ વનવાસીઓ એ બધાએ રામને કંઈ ઓછો પ્રેમ નથી કર્યો! છતાં એમને પોતાના ઘર સ્મશાન જેવા લાગતા નથી, એનું કારણ એ જ છે કે એમને રામ ચાલ્યા ગયાં એવો ભાવ નથી, રામ સતત એમની સાથે છે, એ ભાવમાં જ



તેઓ જીવ્યા, જ્યારે અયોધ્યાવાસીને રામ ચાલ્યા ગયા એવો ભાવ થયો. ભયના ત્રણ પ્રકાર છે વિયોગનો ભય! મળ્યા પછી છુટા પડી જશે એ ભય સતાવે! અયોધ્યા વાસીઓને વિયોગનો ભય સતાવતો હતો. પરંતુ પરમ પ્રેમની ઉપલબ્ધિ પ્રાપ્ત થાય ત્યારે, કોઈ પણ સાથે વિયોગ રહેતો નથી. અયોધ્યામાં રામ પ્રગટ થયા અને ગલીઓમાં ઘૂમ્યા પરંતુ ચિત્રકૂટમાં ભગવાન છવાઈ ગયાં, એટલે ચિત્રકૂટ છોડીને એ ક્યાંય ગયા નથી, એવો એમનો ભાવ છે. ભગવાન રામ વનમાં જાય છે, એ તો એક લીલા છે કારણ કે ભરત નામના સમુદ્રનું મંથન કરી અમૃત કાઢી જગતને પીવડાવવું હતું.

રામ એ સત્ય અવતાર છે, અને વિશ્વમાં પ્રેમને પ્રગટ કરવો એ સત્યનું દાયિત્વ છે. એટલે તલગાજરડાની રીતે રામરૂપી સત્ય અવતારનું એકમાત્ર કાર્ય પ્રેમનું સર્જન કરવું, અને જગતમાં પ્રેમનું વર્ધન કરવું એ જ છે. એ જ રીતે પ્રેમનું અવતાર કાર્ય જગતમાં કરુણા પ્રગટ કરવી, અને સંવેદના વધારવી એ છે. સત્ય પ્રેમ અને કરુણાનું કાર્ય, મૃત્યુ સત્ય છે, મૃત્યુ ધ્રુવ છે એ સત્ય ને સહજ બનાવવું છે. જે પરિવારમાં મૃત્યુ થાય ત્યાં થોડા સમય માટે પણ પ્રેમ પ્રગટ કરી દે છે, કઠોર હશે એના દિલમાં પણ કરુણાને સંવેદના પ્રગટ થશે. દુનિયામાં ઘણા સત્યવીર હશે, કે જે પ્રેમ પ્રગટ નહીં થવા દે, અને એ જ રીતે દુનિયામાં કેટલાય પ્રેમીઓ હશે પણ એ સત્ય અને કરુણા બંનેને પ્રવેશ નહીં આપે. આપને સ્મશાનની સાત્વિક તાત્વિક ચર્ચા કરી રહ્યા છીએ, અને એ મુજબ મૃતક મહેમાન છે અને સ્મશાન યજમાન છે. સ્મશાન મૃતકને મહેમાન માનીને એની માટે પાટ બીછાવે છે! મૃતક ગમે તેટલો મોટો હશે પણ ચિતાની સાઈઝ એક બેડના સાઈઝથી વધારે નથી હોતી.

ઈશ્વર કૃપાથી હવાઈ જહાજમાં કથા કરી, તો લોકો આલોચના કરતા હતાં, અને એ જ રીતે અયોધ્યામાં ગણિકા માટેની કથા થઈ તો, ત્યારે પણ લોકોએ આલોચના કરી, પણ સત્ય એટલું કમજોર ન હોવું જોઈએ કે, એને આપણે સાબિત કરવું પડે! માટે જ્યારે આપણે સાચા હોઈએ ત્યારે આપણે સાબિત કરવામાં ન રહેવું, એ સત્યજ આપણને ઉપર લઈ જાય છે. સપોર્ટ કરવું પડે એ સત્ય નથી. હવામાં અને જળમાં કથા થઈ પછી ઘણાએ કહ્યું કે હવે બાપુ અગ્નિમાં કથા કરશે, એના પ્રત્યે વિવેકથી કહ્યું કે હું તો તૈયાર જ છું, અને આમેય વ્યાસપીઠ એ ચિતા જ છે. સ્મશાન યજમાન છે એ બેડ બીછાવે છે. મૃતક ના આવવાની પ્રતીક્ષા કરે છે, અને જે મૃતક આવે એમાં ક્યાંય પંક્તિ ભેદ કરતા નથી. બધાને જ અહીં બાળવામાં આવે છે, સ્મશાન એક એવું યજમાન છે, જે એકવાર મહેમાન આવી જાય એને ક્યારેય વિદાય નથી આપતા. કઠોપનિષદનાં નચિકેતાને યાદ કરીને કહ્યું કે, એણે પણ યમદ્વારે યજમાની ભોગવી હતી, અને જ્યારે યમદેવ પાછા આવે છે, અને નચિકેતા ને સમજાવે કે તું બાળક છે, તું પાછો ફરી જા. મને એની પરથી જૂનાગઢના નરસિંહ મહેતા યાદ આવે છે, એ પણ નાગણને મોઢે બોલાવે છે,

**જળ કમળ છાંડી જાને બાળા,**
**સ્વામી અમારો જાગશે,**
**જાગશે તને મારશે,**
**મને બાળ હત્યા લાગશે.**

યજમાનનો ગુણ છે કે એ મહેમાનોમાં પંક્તિ ભેદ ન કરે, અને સ્નેહ સાથે સૌનો આદર કરે! આપણે કોઈ મહાપુરુષની પધરામણી પર એની આરતી કરીએ છીએ એ રીતે સ્મશાન પણ આપણને સુવાડી આરતી કરે છે. આમ સ્મશાનનું તત્વજ્ઞાન સમજાઈ જાય તો મૃત્યુનો ભય ઓછો થશે. યજમાન મહેમાનને ભેટ પણ આપે છે , સ્મશાન યજમાનનાં રૂપમાં જો મુક્તિ ન જોઈતી હોય તો નવું શરીર આપે છે. એટલે કે આત્મા ને રહેવા એક જોડ નવા કપડાં આપે છે, ગીતામાં કહ્યું છે કે મૃત્યુ એ કપડાં બદલવાની ક્રિયા છે. માનસ મસાનની પંક્તિમાં સુત હિત મીત મનહું જમદૂતા, અવધવાસીઓ ને ત્રણ રૂપે યમદૂત દેખાય છે.સુત એટલે પુત્ર, હિત એટલે હિતેચ્છુ, અને મીત એટલે મિત્ર. રામાયણમાં અન્ય દૂત અંગદ અને હનુમાનજી પણ રામદૂત છે.

**રામદૂત મૈં માતુ જાનકી,**
**સત્ય સપથ કરુનાનિધાન કી.**

આમ માનસમાં રામદૂત, રાજદૂત, જનક દૂત, રાવણ દૂત, અને મંદોદરીની દૂતી ઓનો ઉલ્લેખ જોવા મળે છે.

અયોધ્યાવાસીને રામ ચાલ્યા ગયા પછી પુત્ર હિતેચ્છુ અને મિત્ર યમદૂત લાગે છે, એટલે કે જેના જીવનમાંથી સત્ય પ્રેમ અને કરુણા ચાલ્યા જાય, તો એને બધા યમદૂત જેવા લાગે છે. ઉજ્જૈન અને બનારસની પરંપરામાં સ્મશાનને સિદ્ધપીઠ પણ કહે છે, કોઈ વિશેષ પ્રકારની સાધના માટે સ્મશાનનો ઉપયોગ કરે છે. સ્મશાનમાં સુંદરકાંડનો પાઠ કરવાથી મૃતક પાછળની બધી ક્રિયાઓ આવી જાય છે. દુનિયા નાની નાની વાતમાં ડરે છે એમાંથી બહાર આવો! સાચાં ભજનાનંદી કે વૈષ્ણવી બનો, અને આવાં વ્યવહાર માંથી બહાર આવો. કોઈ મૃતક પાછળની ઉતરક્રિયા રૂપે ઉત્તરકાંડનો પાઠ પણ પર્યાપ્ત છે. ભીરુ અને ડરપોક માનસિકતાથી ભજન ક્યારેય થતું નથી! ભજન કરનારા નીડર હોય છે. રામનામ એટલે કે ભજન સંસારના મૂળ અને માયા ના મૂળ ને ખત્મ કરી દેશે. દેશની યુવાની નીડર બને, અને એનું ભજન એક ઈષ્ટના ચરણમાં લાગી જાય. પૂજા ચતુર્ભુજની પ્રેમ દ્વિભુજ રામભદ્રને તો મૃત્યુ ડરાવશે નહીં. અઘોર સાધનામાં એવું છે કે મા પરામ્બા દુર્ગા પરમ શક્તિ છે,એ ભગવાન શંકરને અઘોર મંત્ર આપે છે, પછી ભગવાન એ મંત્ર દત્તાત્રેય ભગવાનને આપે છે, અને પછી એમ ઘણાં અઘોરી બન્યા. જે ખરું ભજન કરે એને કોઈ ક્રિયાકર્મ જરૂર નથી. રામનામ રામકથા અને રામકથાનો પાઠ સ્મશાનનો ભય નથી રહેતો. ભગવાનની કથાના જે નિમિત્ત બને છે એમને શિવનાં મુખે બેવાર ધન્યવાદ આપે છે. બ્રહ્મ, કાર્ય કારણ સિદ્ધાંતની પરે હોવા છતાં, જ્યારે લીલા કરવા ધરાધામ પર આવે છે, ત્યારે કેટલાક કારણ હોય છે, એવાં પાંચ કારણ ભગવાન રામ ના જન્મ માટે પણ છે એની કથા સંક્ષિપ્તમાં કરી. વૈકુંઠનાં દ્વારપાળ જય વિજયનો સનત કુમારો સાથે સંઘર્ષ થયો, અને એમણે શ્રાપ આપ્યો. બીજું કારણ સતી વૃંદાના શ્રાપની કથા ગણાવી. ત્રીજું કારણ નારદજી એ ભગવાનને આપેલ શ્રાપ, અને ચોથું કારણ મનુ શતરૂપાને આપેલ વરદાન છે, અને પાંચમું કારણ રાજા પ્રતાપ ભાનુંનું બતાવ્યું, જે રાવણ અને એનો ભાઈ અરિમર્દન જે કુંભકર્ણ બને છે. યુવાનો ને સંબોધીને કહ્યું કે તુલસી આપણાં આંગણામાં રામ પ્રગટે એની ફોર્મ્યુલા આપે છે, પત્ની એનાં પતિને આદર આપે, પતિ પત્નીને પ્રેમ આપે અને બંને પરમતત્વની ભક્તિ કરે છે, અને એવું દામ્પત્ય બને તો રામ પ્રગટે રામ પ્રગટે એટલે આરામ, વિશ્રામ, વિરામ, અભિરામ એમ પૂર્ણ પ્રસન્નતા રૂપે પ્રભુ આપણાં જીવનમાં અવતરિત થાય છે. આવા રામના જન્મની કથા કરી પૂજ્ય બાપુએ પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

# આપણો જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શરણે જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

પાંખો આવી ન હોય એવા પક્ષીઓના બચ્ચાં જેમ માતાની રાહ જુએ ભૂખ્યા વાછરડાં જેવી રીતે પોતાની માતાઓની રાહ જુએ, અને વિયોગીની પત્ની પોતાના પતિને મળવા જેવી અધીરી બની રહે તેવી રીતે હે કમલનયન! મારું મન આપનાં દર્શન કરવા માટે તરફડિયાં મારી રહ્યું છે. પ્રભો! હું મુક્તિ ઈચ્છતો નથી. મારા કર્મોનાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મમૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારો જન્મ થાય ત્યાં ત્યાં ભગવાન ના લાડીલા પુણ્યશ્લોક ભક્તજનો નું મને સખ્ય મળી રહો! ભગવાન, હું ફક્ત એટલું જ ચાહું છું કે, જે લોકો તમારી માયાથી શરીર,ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે, તેવાઓની સાથે મારો કોઈ પણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ! ભાવ શરણાગતિની કેવી અદ્ભુત પ્રાર્થના છે. જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શરણે જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે.

વૃત્રાસુરમાં કેટલું દૈત્ય છે! તે કહે છે,તે ભાગવત સેવા કરવા હું લાયક નથી. હું તો ભગવાનના દાસનો દાસ છું, ને દાસના દાસની સેવા કરીશ. હું તો ભગવાનની સેવા કરનાર વૈષ્ણવોની સેવા કરીશ. (દાસાનુદાસ) વૃત્રાસુર એક-એક ઈન્દ્રિયને પ્રભુ સમર્પિત કરે છે, ભક્તિરસનું દાન કરે છે. મારી વાણી શ્રીકૃષ્ણકીર્તન કરો, મારા કાન તમારી કથા સાંભળો વગેરે. ભક્તિ વૈરાગ્ય વગર દૃઢ થતી નથી. એટલે વૃત્રાસુરને ભક્તિ કરી ઈન્દ્રનું રાજ્ય લેવાની કે મોક્ષની અપેક્ષા નથી. વૃત્રાસુર કહે છે, મને સ્વર્ગનું તો શું બ્રહ્મલોકનું રાજ્ય પણ જોઈતું નથી. ભોગ એ ભક્તિ માં બાધક છે. વૃત્રાસુર કહે છે, મને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી. તમારી સેવા કરું છું તે ફક્ત તમારા માટે, કોઈ ભોગની કે કુળની આશાએ નહીં જ.

આમ અપૂર્વ છે વૃત્રાસુરની શરણાગતિ. જ્ઞાન-વૈરાગ્ય વધે એટલે સર્વ ભગવાનમય લાગે છે. હવે હુંપણું રહેતું નથી. જગતમાં ભગવાન જ છે. તે સિવાય બીજું કાંઈ નથી. ‘હું’ રહેતું નથી. હુંપણું ઈશ્વરમાં લીન થાય છે. શરણાગતિ વૈરાગ્ય વિના દૃઢ થતી નથી. વૃત્રાસુર કહે છે કે, પ્રભુ તમારાં દર્શન માટે મને આતુર બનાવો. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. ભગવાનનાં દર્શન માટે કેવી આતુરતા જોઈએ તે વૃત્રાસુર બતાવે છે. પંખીનાં બચ્ચાં જેવી, વાછરડાં જેવી ને વિરહિણી પત્ની જેવી રોમ રોમથી બોલતી આતુરતા જોઈએ.જીવ પરમાત્મા ને પરિપૂર્ણ પ્રેમ આપતો નથી. એટલે જીવ ઈશ્વરને ગમતો નથી. જીવ પ્રેમ આપે છે સ્ત્રીપુત્રા દિકમાં મને એક જ ઈચ્છા થાય છે તમારા દર્શન માટે હું આતુર બનું. છેલ્લે વૃત્રાસુરે સત્સંગની માગણી કરી છે. મને જો જન્મ મળવાનો હોય તો વૈષ્ણવના ઘરની ગાય થવા હું તૈયાર છું. મારું દૂધ પ્રભુના માટે વપરાય તે બસ. પશુશરીરમાં પણ મને સત્સંગ માથે ભગવાન મુક્તિ જલદી આપે છે, ભક્તિ જલદી આપતા નથી. ભગવાન ભક્તિ આપે, તો કોઈ વખત એમને ઘરે સેવક બનવું પડે છે.ભક્તિ સ્વતંત્ર પરમાત્માને પ્રેમ નાં બંધનમાં પરતંત્ર બનાવે છે. તેથી ભગવાન મુક્તિ આપે છે, પણ ભક્તિ આપતા નથી. પણ ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે. ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલું તેજ ભાગવત સ્વરૂપમાં લીન થયું. ભગવાને વૃત્રાસુરનો ઉદ્ધાર કર્યો. પરમ પુષ્ટિસીમાનું આ દૃષ્ટાંત છે. હવે પ્રશ્ન થાય છે કે, આવો ભક્ત વૃત્રાસુર રાક્ષસ યોનિમાં કેમ જન્મ્યો? વૃત્રાસુરને શ્રીહરિમાં આટલી તીવ્ર ભક્તિ શાથી થઈ? એનો ખુલાસો કરતાં શુકદેવજી કહે છે, વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. તેની રાણીનું નામ કૃતવૃતિ. તેને સંતાન ન હતું. અહીં શબ્દાર્થ નહીં,લક્ષ્યાર્થ લેવા નો છે. ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરે તે ચિત્રકેતુ. આપણું મન ચિત્ર વિચિત્ર કલ્પનાઓ કરે છે. કૃતવૃતિ એ બુદ્ધિ છે. અનેક વિષયોનો મન વિચાર કરે છે, એમાં ચિત્રકેતુનો જન્મ થાય છે. જગતમાં બહારનાં ચિત્રો જે મન માં ઠસી ગયાં છેતે ભજનમાં વિઘ્ન કરે છે. ફરતાં ફરતાં અંગિરાઋષિ એક દિવસ રાજાના ઘરે પધાર્યા. ચિત્રકેતુ રાજાએ અંગિરાઋષિ પાસે પુત્રની માગણી કરી. અંગિરાઋષિ સમજાવે છે, પુત્રના માબાપને ક્યાં શાંતિ છે? તારે ત્યાં છોકરો નથી એ જ સારું છે. પણ રાજાના મનમાં અનેક ચિત્રો ઠસી ગયાં હતાં એટલે તેણે દુરાગ્રહ કર્યો. અંગિરાઋષિની કૃપાથી રાજાને ત્યાં પુત્રજન્મ થયો. રાજાને બીજી રાણીઓ હતી. ઈર્ષાવશ ઓરમાન માએ બાળકને કેરે આપ્યું. બાળક મરણ પામ્યો. ચિત્રકેતુ અને કૃતવૃતિ રડવા લાગ્યાં. તે સમયે ન ઉપદેશ કર્યો. તમે પુત્ર માટે ન રડો. હવે તમે તમારા માટે રડો! એ પુત્ર તમારો હતો જ નહીં.આ મંગિરાઋષિ સાથે ત્યાં આવ્યા. પુત્રના મરણથી રાજારાણીને વિલાપ કરતાં જોઈ નારદજીએ !. પ્રકારો આણે છે: પૂર્વજન્મનો વેરી, વેર વાળવા પુત્ર તરીકે આવે છે તેને શત્રુપુત્ર કહે છે.લગ્ન ન થાય ત્યાં સુધી માતા પિતા પાસે રહે.

માબાપ પાસે કાંઈ માગે નહીં અને આપે રે. પૂર્વ જન્મનો લેણદાર, માગણું- ઋણ વસૂલ કરવા આવે છે તેને ઋણાનુ બંધી પુત્ર કહે છે.જસ નહીં, લેવા દેવાનો સંબંધ રાખે જ નહીં. આવા પુત્રને ઉદાસીન પુત્ર.ન કહે છે.લગ્ન થતાં જ એ ચાલી જાય છે. માબાપની સેવા કરવા રહેતો નથી. માબાપ સમજે કે, છોકરાને ચાર હાથ થય તો મારી સેવા કરે. પણ લગ્ન થયા પછી હાથ જેમ ચાર થાય છે, તેમ પગ પણ ચાર થાય છે. ચાર પગવાળું કોણ? સમજી ગયાને? પૂર્વજન્મમાં કોઈની સેવા કરી હશે તો તે સેવક પુત્ર થઈને આવશે ને તમારી સેવા કરો તેને સેવક પુત્ર કહે છે. માતાપિતાની સેવા પુત્રે કેવી રીતે કરવી જોઈએ તેનું ઉત્તમ દૃષ્ટાંત પુંડલિકનું છે. પુંડલિક માતાપિતાને સર્વસ્વ માની તેમની સેવા કરતો. માતાપિતાની આ સેવાથી ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા અને તેને દર્શનઆપવા પધાર્યા. ભગવાન આંગણે આવ્યા ત્યારે પણ પુંડલિક માતા પિતાની સેવા કરતો હતો. ભગવાન બહાર ઊભા રહ્યા. પુંડલિક ભગવાનને કહે માતાપિતા ની સેવા પહેલી પછી તમે! આમ કહી ભગવાનને ઊભા રહેવા માટે તેણે ઈંટ ફેંકી અને કહ્યું કે,આ ઈંટ ઉપર આપ ઊભા રહો. ભગવાન સાક્ષાત્ આવ્યા તો પણ પુંડલિક માતાપિતાની સેવાનું કાર્ય ન છોડયું. ઈંટ ઉપર ભગવાન ઊભા રહ્યા એટલે ઈંટનું થયું વીંટ અને નામ પડ્યું વિઠોબા. ઈંટ ઉપર ઊભા રહેતાં ભગવાનને થાક લાગ્યો એટલે કેડ ઉપર હાથ દઈને ઊભા.આજે પણ પંઢરપુર માં તેઓ કેડ ઉપર હાથ રાખી ઊભા છે. પુંડલિકે ઊભા રાખેલા ત્યારના હજુ તેમ તે તેમ ઊભા છે. નારદજી ચિત્રકેતુ રાજાને સમજાવે છે કે, આ તમારો દીકરો શત્રુ-પુત્ર તરીકે આવેલો, તે મરણ પામ્યો. તેમાં દુઃખી થવાનું કંઈ કારણ નથી. સ્ત્રી, ઘર, ધન, ઐશ્વર્ય, વિષયો, સમૃદ્ધિ, સેવક, મિત્રો, સગાંસંબંધી વગેરે શોક, મોહ, ભા અને દુઃખ આપનારાં છે. આ સર્વ નાશવંત છે.

જીવના હજારો જન્મ થયેલા, થાય છે અને થવાના છે.તેમાં કોણ કોનો સગો અને સંબંધી? જળના પ્રવાહમાં રેતીના કણો જેમ એકઠા થાય અને પડે છે તેમ સત્યના પ્રવાહમાં-સંસારમાં પ્રાણીઓ મળે છે અને જુદાં પડે છે.તોયે રાજાના મનને સાંત્વન ન મળ્યું ત્યારે તે મૃત રાજકુમારના જીવાત્માને ત્યાં લાવવાય આવ્યો. તેને કહેવામાં આવ્યું કે, તારા પિતા તને યાદ કરે છે. ત્યારે એ કહે, હું તો કોઈને ઓળાબાદ નથી. મારા હજારો જન્મ થયા છે. તેમાં કયા જન્મના પિતાની તમે વાત કરો છો? કહી તે જીવાય ચાલી ગયો. પછી નારદજી કહે, જેના માટે તું રડે છે, તે તો તારી સામું જોવા પણ તૈયાર નથી. આમ નારદજીએ ચિત્રકેતુને દિવ્યજ્ઞાન આપ્યું અને સંકર્ષણ મંત્રનો ઉપદેશ કર્યો. ચિત્રકેતુ રાજાએ તે પછી તપશ્ચર્યા કરી અને ભગવાનના નામના જપ કર્યા. આથી તેમને ભગવાનનાં દર્શન થયાં. તેનાં સર્વ પાપો ક્ષય પામ્યાં. ચિત્રકેતુ મહાયોગી અને મહાન સિદ્ધ થયો. ભગવાને તેને પાર્ષદ બનાવ્યો.એક દિવસ તે આકાશમાં વિહાર કરતો હતો. ફરતો ફરતો તે કૈલાસધામમાં આવ્યો. જોયું તો શિવજીની ગોદમાં પાર્વતીજી બેઠાં છે. તેને આ પ્રમાણે બેઠેલાં જોઈ ચિત્ર કેતુના મનમાં કુભાવ આવ્યો. વિષયવાસનામાંથી ચિત્રકેતુનો જન્મ થાય છે. ચિત્રકેતુ સંસારી ભાવથી શિવ-પાર્વતીને જુએ છે. આ ચરિત્ર ઉપરથી લાગે છે કે, કેવળ સગુણનો સાક્ષાત્કાર કરે તેથી મન શુદ્ધ થતું નથી. સાક્ષા ત્કારથી પણ મનની ચંચળતા નાશ થતી નથી. સગુણ, નિર્ગુણ ભક્તિ હોય ત્યારે જ જીવનો શિવ થાય છે.



# કરિશ્મા કપૂર સલવાર પહેરવાનું ભૂલી ગઇ?

## કરિશ્મા કપૂર આ તસવીરોમાં કંઇક અલગ જ મુડમાં દેખાઇ રહી છે, જો કે કરિશ્માની તસવીરો પર લોકો પણ કોમેન્ટ્સ કરી રહ્યા છે

કરિશ્મા કપૂર હાલમાં વેકેશન મનાવવાના મુડમાં છે. ન્યૂ યર સેલિબ્રેશન માટે કરિશ્મા કપૂર થાઈલેન્ડ ગઇ છે. થાઈલેન્ડમાં કરિશ્મા કપૂર ફૂલ ટૂ એન્જોય કરી રહી છે. એક્ટ્રેસે કંઈક આ ખાસ અંદાજમાં ન્યૂ યરનું સ્વાગત કર્યુ છે. અદાકાર કરિશ્મા કપૂરની થાઈલેન્ડ વેકેશનની લેટેસ્ટ તસવીરો ઈન્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. આ તસવીરો હાલમાં છવાઈ ગઇ છે. કરિશ્મા કપૂર આ તસવીરોમાં કંઈક અલગ જ મુડમાં દેખાઈ રહી છે. જો કે કરિશ્માની તસવીરો પર લોકો પણ કોમેન્ટ્સ કરી રહ્યા છે. કરિશ્માની આ તસવીર જોઈને તમે ખુશ થઈ જશો. થાઈલેન્ડમાં બીચ પર મજા માણી રહી છે. બીચ વેકેશનની કરિશ્માએ લેટેસ્ટ તસવીરો શેર કરી છે. આમ, વાત કરવામાં આવે તો થાઈલેન્ડમાં ન્યૂ યરનું ગ્રાન્ડ વેલકમ એક્ટ્રેસ કરિશ્મા કપૂરે કર્યુ છે. અદાકાર કરિશ્મા કપૂર ફૂલ ટૂ મસ્ત મુડમાં બીચ પર એન્જોય કરતી જોવા મળી રહી છે. કરિશ્માની આ તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. જો કે આ તસવીરોમાં કરિશ્મા સિવાય બીજુ કોઈ જોવા મળી રહ્યુ નથી. કરિશ્માએ જે તસવીરો શેર કરી છે એમાં માત્ર એના ફોટોઝ છે. કરિશ્મા કપૂરની આ તસવીર તમને એક જ નજરે જોતા ગમી જશે. આ તસવીરમાં કરિશ્માનો એકદમ કુલ અંદાજ જોવા મળી રહ્યો છે. આ તસવીરમાં તમે જોઈ શકો છો કે થાઈ હાઈ સિલ્ટ ડ્રેસમાં કરિશ્મા મસ્ત પોઝ આપી રહી છે. આ તસવીર જોતા એવુ લાગી રહ્યું છે કે કરિશ્મા જાણે સલવાર પહેરવાનું ભૂલી ગઈ હોય. આવું અમે નહીં, પરંતુ આ તસવીર જોયા પછી લોકોએ આ ટાઈપની કોમેન્ટ્સ કરી છે. કોમેન્ટમાં લોકોએ લખ્યુ છે કે કરિશ્મા સલવાર પહેરવાનું ભૂલી ગઈ છે. આ મસ્ત ફોટો જોતાની સાથે મોંમા પાણી આવી જશે. કરિશ્મા વેકેશનમાં થાઈ ફૂડ એન્જોય કરી રહી છે. જો કે આ તસવીર કરિશ્માએ મસ્ત રીતે ક્લિક કરીને પોસ્ટ કરી છે જેમાં માત્ર ફૂડ જોવા મળી રહ્યુ છે.





# વિકી કૌશલના ખોળામાં બેસીને કેટરીના કૈફે આપ્યો રોમેન્ટિક પોઝ

## કેટરીના કૈફે કેટલીક તસવીરો શેર કરી છે, આ તસવીરોમાં કેટ મસ્ત લાગી રહી છે, એકદમ ફુલ લુકમાં જોવા મળી રહી છે

બોલિવૂડ એક્ટ્રેસ કેટરીના કૈફ આ દિવસોમાં પતિ વિકી કૌશલ સાથે ન્યૂ યર વેકેશન એન્જોય કરી રહી છે. કેટરીના કૈફે વેકેશનની તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં કેટ અને વિકીનો મસ્ત મુડ જોવા મળી રહ્યો છે. કેટરીના કૈફ પતિ વિકી સાથે મસ્ત પોઝ આપતી જોવા મળી રહી છે. આ તસવીરો જોઈને તમે પણ રોમેન્ટિક મુડમાં આવી જશો. કેટરીના કૈફે કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં કેટ મસ્ત લાગી રહી છે. એકદમ કુલ લુકમાં જોવા મળી રહી છે.

કેટના આ ક્યૂટ લુકે લોકોનું દિલ જીતી લીધુ છે. જો કે કેટરીના અને વિકી કૌશલ બન્ને તસવીરોમાં એકદમ મસ્ત પોઝ આપીને કુલ અંદાજમાં જોવા મળી રહ્યા છે. આ સમયે કેટરીના કૈફનું ડ્રેસિંગ પણ એકદમ સિમ્પલ છે. સિમ્પલ કપડામાં કેટ મસ્ત લાગી રહી છે. આટલું જ નહીં કપલ મસ્ત રીતે સેલ્ફી પણ લઈ રહ્યા છે. આ સેલ્ફીમાં કેટ અને વિકી બન્ને મસ્ત લાગી રહ્યા છે. કેટરીનાએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળ ખુલ્લા રાખ્યા છે. ખુલ્લા વાળમાં કેટ એકદમ નાજુક નમણી લાગી રહી છે. આ તસવીરમાં તમે જોઈ શકો છો કે કેટરીના કૈફ પોતાના પતિના ખોળામાં બેઠી છે. જો કે તસવીરમાં તમે જોઈ શકો છો કે નજારો કેટલો મસ્ત છે. પાછળનો નજારો એક નજરે આપણને ગમી જાય એવો છે.

આ મસ્ત તસવીર જોઈને તમને પણ અહીંયા જવાની ઈચ્છા થઈ જશે. કેટરીના કૈફ અને વિકી કૌશલને તમે આ તસવીરમાં રોમેન્ટિક અંદાજમાં જોઈ શકો છો. કેટ અને વિકીની આ રોમેન્ટિક તસવીરે ફેન્સનું દિલ જીતી લીધુ છે. જો કે આ તસવીરો જોઈને યુઝર્સ વખાણ કરી રહ્યા છે. આ તસવીર જોતાની સાથે તમે પણ ખુશ-ખુશ થઈ જશો. આમ વાત કરવામાં આવે તો હાલમાં અનેક સેલેબ્સ ન્યૂ યર એન્જોય કરી રહ્યા છે.




# ઉર્ફી જાવેદની સ્ટાઇલ જોઇને લોકોના મગજ ફરી ગયા

**ઉર્ફી અજીબ ડ્રેસ પહેરીને અવારનવાર ચર્ચાનો વિષય બનતી હોય છે, આમ, ઉર્ફીની આ તસવીર હાલમાં ખૂબ વાયરલ થઇ રહી છે**



ઉર્ફી જાવેદ સોશિયલ મિડીયામાં એની સ્ટાઈલને લઈને હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. જો કે આ વખતે ફરી પોતાના ડ્રેસને લઈને ચર્ચામાં બની છે. ઉર્ફી જાવેદે હાલમાં એવો ડ્રેસ પહેર્યો છે જેનાથી લોકોને હેરાન કરી દીધા છે. આ વચ્ચે ઉર્ફીનો નવો લુક સામે આવ્યો છે. આ તસવીરોમાં ઉર્ફી જાવેદે વચ્ચે-વચ્ચેથી જાણે ફાટેલો ડ્રેસ પહેર્યો હોય એવો લાગી રહ્યો છે. આ ડ્રેસમાં અનકમ્ફર્ટેબલ જોવા મળી રહી છે. હાલમાં આ લેટેસ્ટ તસવીરોને લઈને ઉર્ફી ટ્રોલ થઈ છે. આમ વાત કરવામાં આવે તો ઉર્ફી કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. ઉર્ફી જાવેદ આ તસવીરમાં એકદમ અલગ ડ્રેસ પહેરેલો જોવા મળી રહી છે. જો કે આ તસવીરોને લોકો જોતા રહી ગયા છે. આ તસવીરો તમે પણ એક વાર જોશો તો ઉર્ફીની સ્ટાઈલને લઈને મગજ કામ કરતુ બંધ થઈ જશે. આ તસવીરમાં તમે ઉર્ફીને કારમાંથી નીચે ઉતરતી જોઈ શકો છો. આ સ્ટાઈલ પણ ઉર્ફીની કંઈક અલગ જ છે. ઉર્ફીની આ તસવીર સામે આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગઈ છે. ઉર્ફીની આ સ્ટાઈલમાં તમે જોઈ શકો છે એ બિલકુલ કમ્ફર્ટેબલ લાગતી નથી. જો કે અનેક ફેન્સને ઉર્ફીની આ તસવીર જરા પણ પસંદ પડી નથી. લોકો જાતજાતની કમેન્ટ્સ કરી રહ્યા છે. ઉર્ફી જાવેદ આ તસવીરોમાં સુપર હોટ લાગી રહી છે. ઉર્ફીની આ તસવીરો ખૂબ વાયરલ થઈ રહી છે. આમ ઉર્ફી કોઈને કોઈ રીતે હંમેશા પોતાની સ્ટાઈલને લઈને ચર્ચામાં રહેતી હોય છે. કોઈ વખત ખોટી ધરપકડનો વિડીયો બનાવે છે તો કોઈ વખતે ડ્રેસને કારણે લોકો માટે ચર્ચાનો મુદ્દો બનતી હોય છે. ઉર્ફી જાવેદના ડ્રેસની સાથે-સાથે એની બેગ પર પણ લોકોનું ધ્યાન ગયુ છે. ઉર્ફી તસવીરોમાં પોતાના ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. ટોન્ડ લેગ્સ જોઈને ફેન્સ હેરાન થઈ ગયા છે. ઉર્ફી પોઝ આપે છે એની સાથે-સાથે મસ્ત સ્માઈલ પણ આપતી જોવા મળી રહી છે.





સાલારના તુફાન સામે પણ બમ્પર કમાણી કરી રહી છે એનિમલ

# એનિમલ ફિલ્મ ૯૦૦ કરોડ ક્લબથી હવે ફક્ત એક ડગલું દૂર

રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' બોક્સ ઓફિસ પર ઝડપથી કમાણી કરી રહી છે. જો કે ફિલ્મની દૈનિક કમાણી અગાઉની સરખામણીએ ઘટી છે, પરંતુ રણબીરની ફિલ્મ 'એનિમલ' બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચવા તરફ ઝડપથી આગળ વધી રહી છે. હવે આ ફિલ્મના વર્લ્ડવાઈડ કલેક્શનને લઈને લેટેસ્ટ માહિતી સામે આવી છે. આશ્ચર્યજનક વાત એ છે કે પ્રભાસની 'સાલાર' રિલીઝ થયા પછી પણ 'એનિમલ' બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે. વેલ, ફિલ્મના કલેક્શનમાં ફરક જોવા મળ્યો છે. રણબીરની આ ફિલ્મ ટૂંક સમયમાં ૯૦૦ કરોડનો આંકડો પાર કરી જશે. સકનિલ્કના રિપોર્ટ અનુસાર, રણબીર કપૂરની 'એનિમલ'એ અત્યાર સુધી દુનિયાભરમાં ૮૯૫.૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

આ આંકડા પાંચ અઠવાડિયા એટલે કે ૩૪ દિવસના છે. રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' એ ભારતમાં પણ સારું કલેક્શન કર્યું છે. અત્યાર સુધી આ ફિલ્મે સ્થાનિક બોક્સ ઓફિસ પર ૫૪૭.૫૬ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. હવે જોવાનું એ રહેશે કે રણબીર કપૂરની ફિલ્મ આવનારા દિવસોમાં કેટલા કરોડનો બિઝનેસ કરી શકે છે. એ વાત જાણીતી છે કે એનિમલ રણબીર કપૂરના કરિયરની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. આ પહેલા તેની કોઈપણ ફિલ્મે બોક્સ ઓફિસ પર આટલો બિઝનેસ કર્યો ન હતો. તમને જણાવી દઈએ કે રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' ૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. અનિલ કપૂર, તૃપ્તિ ડિમરી, રશ્મિકા મંદન્ના અને બોબી દેઓલે તેમાં મહત્વની ભૂમિકાઓ ભજવી છે.



# સેનામાં લેફ્ટિનેન્ટ કર્નલ મોહનલાલ રહી ચૂક્યા છે

## મોહનલાલ એક સમયે આર્મીમાં જવા ઇચ્છતા હતા, પરંતુ તેવું ન બની શક્યું, પરંતુ સેના તરફથી તેમને લેફ્ટિનેન્ટ કર્નલનું પદ આપવામાં આવ્યું હતું

મોહનલાલની ગણતરી સાઉથ સિનેમાના લોકપ્રિય સ્ટાર્સમાં થાય છે. પદ્મશ્રી અને પદ્મભૂષણ જેવા સર્વોચ્ચ સન્માન મેળવનાર મોહનલાલ મલયાલમ સિનેમાના મોટા સુપરસ્ટાર છે. તેમના નામે ઘણી સુપરહિટ ફિલ્મોનો રેકોર્ડ છે. તે માત્ર અભિનેતા, નિર્માતા અને ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર જ નહીં પરંતુ ગાયક પણ છે. ફિલ્મોમાં આવતા પહેલા મોહનલાલ એક પહેલવાન હતા. તે કુસ્તીમાં રાજ્યકક્ષાના ચેમ્પિયન રહી ચૂક્યા છે. તેઓ તાઈક્વાન્ડોમાં બ્લેક બેલ્ટ છે. એટલું જ નહીં, તે એક એવા અભિનેતા છે જે નેશનલ એવોર્ડ માટે ૯ વખત નોમિનેટ થયા હતા અને પાંચ વખત નેશનલ એવોર્ડ જીતી ચૂક્યા છે. પરંતુ શું તમે જાણો છો કે તેઓ સેનામાં સૈનિક પણ રહી ચૂક્યા છે?

અમે મોહનલાલ વિશે આવી જ બે રસપ્રદ વાતો જણાવી રહ્યા છીએ, જે બહુ ઓછા લોકો જાણતા હશે. મોહનલાલને ૨૦૦૯માં ભારતીય સૈન્ય દ્વારા આ સન્માન આપવામાં આવ્યું હતું. મોહનલાલને લેફ્ટિનેન્ટ કર્નલનું પદ મળ્યું છે. તેઓ આ સન્માન મેળવનારા પહેલા એક્ટર છે. મોહનલાલ એક સમયે આર્મીમાં જવા ઈચ્છતા હતા, પરંતુ તેવું ન બની શક્યું. પરંતુ સેના તરફથી તેમને લેફ્ટિનેન્ટ કર્નલનું પદ આપવામાં આવ્યું હતું. ૪ દાયકાના કરિયરમાં આપી ૪૦૦ ફિલ્મ : મોહનલાલે પોતાના ૪ દાયકાથી પણ લાંબા કરિયરમાં ૪૦૦થી પણ વધારે ફિલ્મો કરી છે. તેમણે ૧૯૭૮માં ફિલ્મ થિરાનોત્તમ સાથે ડેબ્યૂ કર્યુ હતું. પરંતુ સેન્સરશિપના કારણે આ ફિલ્મ ૨૫ વર્ષ સુધી અટકી રહી હતી. મોહનલાલની ડેબ્યૂ ફિલ્મને રીલીઝ થવામાં ૨૫ વર્ષનો સમય લાગ્યો હતો. ત્યાર બાદ ૧૯૮૦માં મંજીલ વિરીંજા પૂક્કલમાં તેમણે કામ કર્યું, જેમાં તેઓ એ વિલનનો રોલ કર્યો હતો.

આ ફિલ્મમાં મોહનલાલને ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા. મોહનલાલે અનેક ફિલ્મો કરી તેમાંથી ઘણી ફિલ્મોમાં તેઓ વિલન તરીકે નજર આવ્યા. પરંતુ તેમને અસલી સ્ટારડમ ૧૯૮૪માં આવેલી ફિલ્મ ઈવિડે થુંડાંગુન્નુથી મળ્યું. આ ફિલ્મે તેમને મલયાલી સિનેમાના ટોપ હીરો બનાવી દીધા હતા. પછી એક સમય એવો આવ્યો હતો જ્યારે મોહનલાલની એક વર્ષમાં ૩૪ ફિલ્મો રિલીઝ થઈ હતી. પરંતુ આમાંથી માત્ર ૨૫ ફિલ્મો જ હિટ રહી હતી. મોહનલાલ એકમાત્ર એવો અભિનેતા છે જેણે એક વર્ષમાં સતત ૨૫ હિટ ફિલ્મો આપી છે અને આ રેકોર્ડને આજ સુધી કોઈ અભિનેતા તોડી શક્યો નથી. તેની ઘણી ફિલ્મોની બોલિવૂડમાં રીમેક પણ બની હતી. જેમાં 'દ્રશ્યમ'નો પણ સમાવેશ થાય છે. કોરિયામાં મોહનલાલની આ ફિલ્મની રિમેકની પણ ચર્ચામાં છે. જાદુગર પણ છે મોહનલાલ : મોહનલાલ એક ઓલરાઉન્ડર સ્ટાર રહી ચૂક્યા છે. બહુ ઓછા લોકો જાણે છે કે તે જાદુગર પણ છે. મોહલાલે પ્રખ્યાત જાદુગર ગોપીનાથ મુથુકડ પાસેથી એસ્કેપ કલા શીખી હતી. આ માટે તેમણે તેમની સાથે લગભગ દોઢ વર્ષ સુધી ટ્રેનિંગ લીધી હતી. તેણે ઘણા શો કર્યા છે. એકવાર તેણે જાદુઈ રીતે એક છોકરીને હવામાં ઉડાવી દીધી હતી.

# મોરબી તાલુકાના આમરણ ગામ ખાતે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના વધામણાં કરાયા




। (માહિતી બ્યુરો) મોરબી, તા.૫ ।

મોરબી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. ગ્રામજનોને પોતાના ઘરઆંગણે જ આ યાત્રા થકી સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી તથા લાભ મળી રહ્યાં છે. ત્યારે મોરબી તાલુકાના આમરણ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના વધામણાં કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આમરણ ગામ ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. ઉપરાંત લાભાર્થીઓએ “મેરી કહાની, મેરી ઝુબાની” થીમ હેઠળ પોતાને મળેલા યોજનાકીય લાભો વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિડીયો સંદેશ નિહાળ્યો હતો. ઉપસ્થિત ગ્રામજનોએ ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમરણ ગામને ૧૦૦ ટકા નળ જોડાણ માટે સન્માન પત્ર આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ સ્થળે પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, ઉજ્જવલા યોજના, વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાળકોએ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડે તેવા સંદેશાઓ આપતું ‘ધરતી કહે પુકાર કેપ.’ નાટક રજૂ કર્યું હતું. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો આમરણનાં ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

## નવોદય પ્રવેશ પરીક્ષાને અનુલક્ષીને પ્રશ્નપત્રના માળખા મુજબ ટેસ્ટનું આયોજન કરતા ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગના સંચાલક


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૫ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે જેમાં નવોદય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ, જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક દ્વારા તારીખ ૨૦ જાન્યુઆરીના રોજ નવોદય પ્રવેશ પરીક્ષા હોવાથી વધુ મહાવરો કરી શકે અને નવોદય પ્રવેશ પરીક્ષા માં ૧૦૦ ટકા સફળતા મેળવે તે હેતુસર તાલીમ વર્ગમાં બ્લુ પ્રિન્ટ પ્રમાણે ૧૦૦ ગુણના નમૂનાના પેપરો આપવામાં આવે છે. અને



મહાવરો કરાવવામાં આવે છે. વધારામાં જણાવ્યુ હતુ કે કોઈ અનાથ, અપંગ અને અતિગરીબ બાળક હોય અને નવોદય ની પરીક્ષા આપવાના હોય તેમને વિનામૂલ્યે માર્ગદર્શન અને મટીરીયલ આપવામાં આવશે. મોરા ખાતે અશ્વિનભાઈ સંગાડા સાહેબ અને સુખસર ખાતે રાજુભાઈ મકવાણા સાહેબ ટેસ્ટ નું આયોજન કરી રહ્યા છે. આમ દિલીપકુમાર મકવાણા દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે વધુમાં વધુ બાળકો સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપે અને સફળતા મેળવે એવી આશા વ્યકત કરી હતી.

### સાણંદ તાલુકાના હાથીપુરા ગામે યાત્રાનું ઉમળકાભેર સ્વાગત

# કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓને દ્વાર પહોંચાડતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા

### યાત્રાના ઉપક્રમે ૨૦૪ લોકોના સ્વાસ્થ્યની સામાન્ય તપાસ અને ૨૨૫ લોકોનું ટી.બી.સ્ક્રીનીંગ અને ૧૩૬ આયુષમાન કાર્ડનું વિતરણ કરાયું

। સાણંદ, તા.૫ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓને દ્વાર પહોંચાડતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા સાણંદના હાથીપુરા ગામે પહોંચી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમારોહમાં આયુષ્યમાન કાર્ડ, ઉજ્જ્વલા યોજના સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. યાત્રા નિમિતે યોજાયેલી આરોગ્ય શિબિરમાં ૧૨૫ લોકોના સ્વાસ્થ્યની તપાસ તેમજ ૨૦૪ લોકોનું ટી.બી.સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૩૬ આયુષ્યમાન કાર્ડનું વિતરણ પણ કરાયું હતું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમારોહ દરમિયાન હાથીપુરા ગામના બે પ્રગતિશીલ મહિલા અને ત્રણ વિદ્યાર્થીને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતાં. આ ઉપરાંત સરપંચશ્રીને આયુષ્યમાન યોજના અને જલ જીવન મિશનમાં સો ટકા લક્ષ્ય



સિદ્ધિ બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. યાત્રા નિમિતે ડ્રોન ટેકનોલોજીનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી શકાય અને તેનાથી ખેડૂતોને શું ફાયદો થઈ શકે તે માટે ડ્રોનનું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતુ. આજના પ્રસંગે કુલ ૪૩૨ લોકોએ વિકસિત ભારતના સંકલ્પ ગ્રહણ કર્યા હતા. આ અવસરે હાથીપુરા ગામના સરપંચશ્રી, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ અને ગામના આગેવાનો તથા ગ્રામજનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા.

# કેન્દ્રીય રેલ્વે રાજયમંત્રી દર્શનાબેન જરદોશની અધ્યક્ષતામાં ઓલપાડના શેરડી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો




। સુરત, તા.૫ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના ઓલપાડ તાલુકાના શેરડી ગામે કેન્દ્રીય રેલ્વે રાજયમંત્રી દર્શનાબેન જરદોશે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તેમજ વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ યાત્રા દ્વારા ગામેગામ વિવિધ યોજનાઓ પહોંચાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીશ્રી તેમજ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગામડાઓમાં સુવિધાઓ પણ પહોંચી છે. મહિલાઓને ચૂલાનો નુકસાનકારક ધુમાડો ન લેવો પડે તેની ચિંતા કરીને ઉજ્જ્વલા યોજના દ્વારા ગેસ કનેક્શન આપ્યા છે, નલ સે જલ યોજના દ્વારા પાણી ઘર સુધી પહોંચાડવામાં આવ્યું છે. ખેડૂતો કિસાન સન્માન નિધિ યોજના થકી આર્થિક સહાય મેળવી રહ્યા છે. નમો ડ્રોન દીદીમાં બહેનોને તાલીમ થકી ડ્રોન ઉડાવવા માટે તૈયાર કરાશે. ૨૦૧૪માં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઘર ઘર શૌચાલય બનાવવાનું અભિયાન શરૂ કર્યું હતું આજે ૧૦૦ ટકા સેચ્યુરેશન સાથે ગામડાઓમાં સ્વચ્છતા જોવા મળે છે. આયુષમાન ભારત કાર્ડ થકી આજે ૧૦ લાખની નિશુલ્ક સારવાર ગરીબ અને મધ્યમ વર્ગનો વ્યક્તિ મેળવી શકે છે. સરકારની જન ઔષધિ કેન્દ્રો પરથી સસ્તી દવાઓ લોકો મેળવી શકે છે સાથે બહેનોને ૧૦રૂપિયામાં ૧૦ સેનેટરી પેડ આપવામાં આવે છે.

વધુ વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. યાત્રાના રથ થકી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યા છે.

# રણોત્સવમાં સોમનાથ ટ્રસ્ટની “પ્રભાસ તીર્થમાં સોમનાથ” પ્રદર્શન ગેલેરીનો પ્રારંભ

### પ્રસિદ્ધ કથાકાર ડો.મહાદેવ પ્રસાદ મહેતાના શુભ હસ્તે થયું ગેલેરીનું ઉદ્‌ઘાટન

। (માહિતી) ભુજ, તા.૫ ।

એશિયાના સૌથી મોટા ઉત્સવોમાના એક એવા કચ્છના રણોત્સવમાં સેહલાણીઓને મળશે સોમનાથ મહાદેવના દર્શન. પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરનું વ્યવસ્થાપન કરતા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધાર્મિક ચેતનાનો પ્રસાર કરવાના શુભ ઉદ્દેશ્ય સાથે રણોત્સવમાં પ્રદર્શનીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ટેન્ટ સિટીમાં બનાવવામાં આવેલ સોમનાથ ગેલેરીમાં શ્રી સોમનાથ જ્યોતર્લિંગનો ઈતિહાસ, શ્રી કૃષ્ણ નિજધામ ગમન તીર્થ, સોમનાથમાં વસેલી સરસ્વતી સભ્યતાની માહિતી, વૈદિક આધારો સાથે કાલ ગણના, શ્રીકૃષ્ણ અને સોમનાથ તીર્થના પૌરાણિક ઈતિહાસનું વર્ણન, સ્વતંત્રતા બાદ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનો કરેલ સંકલ્પ અને ત્યાર બાદ સોમનાથ મંદિરની નિર્માણ ગાથા થી મુલાકાતીઓને માહિતગાર કરવામાં આવશે.

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેઓ શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ છે, જેમની દીઘર્દ્રષ્ટિ યુક્ત અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટ માત્ર ઉત્તમ આતિથ્ય જ નહીં પરંતુ દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટે ડોરમેટ્રી સહિત સસ્તું રહેઠાણ, વિનામૂલ્યે ભોજન પ્રસાદ પણ આપે છે, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગોને ઉત્તમ સુવિધા



સુવિધાઓ સાથે ઉત્કૃષ્ટ યાત્રી સંબંધિત વ્યવસ્થા ઊભી કરવાના સતત પ્રયાસો કરવામાં આવે છે. પર્યાવરણ પ્રત્યે જવાબદારી લઈને ૧૧ લાખ વૃક્ષારોપણ અભિયાન હોય કે ૫ બિલ્વ વનોનું નિર્માણ, મહાદેવને પવિત્ર કરાયેલા નિર્માલ્ય જળનું શુદ્ધિકરણ કરીને સોમગંગાનું નિર્માણ હોય કે પછી ૧૦ કરોડ લીટરથી વધુ સુએઝ પાણીનું રિસાયકલીંગ હોય સોમનાથ ટ્રસ્ટ સમયની સાથે સમાજિક જવાબદારીઓ નિભાવવામાં પણ અગ્રેસર રહ્યું છે. ગર્ભગૃહ અને મંદિરના શિખર પરના ૧૪૦૦ કલશ સુવર્ણ મંડીત કરાયા છે.સોમનાથ ટ્રસ્ટ આવા સતત કાર્ય દ્વારા ઉત્તમ પ્રવાસનો અનુભવ પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે. આ ગેલેરીમાં ભક્તો સોમનાથ મહાદેવના લાઈવ દર્શન કરી શકશે અને ચંદન તિલકની સાથે તેમને સોમનાથ મહાદેવનો ભસ્મપ્રસાદ અને રૂદ્રાક્ષની સાથે ઈ-સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

## પારડી પોલીસ દ્વારા કોલેજમાં સાયબર અવેરનેસ સેમિનાર યોજાયો

। વલસાડ, તા.૫ ।

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી ઓના સર્વાંગી વિકાસ માટે અત્યારના સમયની જરૂરિયાતને ધ્યાને લઈ સાયબર અવેરનેસ સેમિનાર યોજાયો હતો. જેમાં પારડીના પોલીસ ઈન્સ્પકટર ભુપેન્દ્રસિંહ સરવૈયા દ્વારા સાયબર ફ્રોડ શું છે અને કેવી રીતે તેનાથી બચી શકાય તે અંગેની પાયાની બાબતોની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના સવાલોમાં અત્યાર સુધી પોલીસની સફળતા કેટલી રહી છે તે અંગે જો સમયસર સાયબર ફ્રોડની રજૂઆત પોલીસને કરવામાં આવે તો સફળતાની શક્યતા વધુ રહે તે અંગે સમજણ અપાઈ હતી.



આવા ફ્રોડ માટે સૌ પ્રથમ હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ પર જાણ કરવા અને આ નંબર બધાના મોબાઈલમાં સેવ કરાવવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન કોલેજના પ્રાધ્યાપક ડો. અજય પટેલ અને ખ્યાતિ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંત દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા અને સોસાયટી વતી પીઆઈ ભૂપેન્દ્રસિંહ સરવૈયાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સફળ આયોજન બદલ કોલેજના કેમ્પસ ડાયરેકટર ડો. દીપેશ શાહ અને સોસાયટીના પ્રમુખ હેમંત દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન મહીસાગર દ્વારા પશુ પાલન અને વર્મી કમ્પોસ્ટ તાલીમના ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

। (માહિતી બ્યુરો) મહીસાગર, તા.૫ ।

બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, (આર-સેટી) મહીસાગર દ્વારા લુણાવાડા તાલુકાના લીંબોદરા ગામે સખી મંડળની ૩૫ બહેનોને આત્મનિર્ભર થવા માટે પશુપાલન અને વર્મીકમ્પોસ્ટની નિઃશુલ્ક તાલીમ શરુ કરવામાં આવી આ કાર્યક્રમમા સંસ્થાના નિયામક શ્રી વિશાલ અગ્રવાલ, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક મધવાસના બેંક મેનેજર સાહેબશ્રી, **DRDA** ક્લસ્ટર કો-ઓડિનેટર ધવલપટેલ અને સંસ્થાના ફેકલ્ટી જયાબેન તાલીમનુ ઉદ્‌ગાટ્‌ન કરીને પોતાના પગ પર ઉભારહીને આત્મનિરભર કઈ રીતે બને એ માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડીને પ્રોત્સાહન પુરુ પાડ્યૂ હતુ. ભવિષ્યમાં મહીસાગર



જીલ્લાના ૧૮ થી ૪૫ વર્ષના ભાઈઓ માટે જેમાં **CCTV Camera,** મોબાઈલ રીપેરીંગ, હાઉસ વાયરીંગ જેવી નિશુલ્ક તાલીમ પૂરી પાડવામાં આવશે આ. તાલીમ કાર્યક્રમ ટુક સમયમાં શરુ થવાની હોવાથી રજીસ્ટ્રેશન પણ શરુ કરવામા આવ્યા છે અને જે કોઈ ઈછુક ઉમેદવારે લુણાવાડા ખાતે એસ કે હાઈસ્કુલ ની પાછળ ચરેલ રોડ, સાઈ બંગ્લોઝની બાજુમાં સંસ્થાનો સમ્પર્ક કરવો.

# વિવિધ વયજૂથમાં અંદાજિત ૧૨૦૦ જેટલા સ્પર્ધકોએ કલા મહાકુંભ સ્પર્ધામાં ભાગ લીધો

। (માહિતી) નડિયાદ, તા.૫ ।

રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર-પ્રેરિત કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની ક્ચેરી, ખેડા-નડિયાદ ના નેજા હેઠળ “કલા મહાકુંભ-૨૦૨૩-૨૪” નું આયોજન તા. ૦૩ અને ૦૪, જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન વસો કેળવણી મંડળ, વસો, જી. ખેડા ખાતે કરવામાં આવ્યું હતું. બે દિવસના કાર્યક્રમ દરમિયાન ૨૩ જેટલી અલગ અલગ સ્પર્ધાઓ જેમ કે સમૂહગીત, ગરબા, લોકનૃત્ય, રાસ, એકપાત્રીય અભિનય, ભરતનાટ્યમ, વકતૃત્વ, ચિત્રકલા, નિબંધ, સુગમ સંગીત, લગ્નગીત, તબલા, હાર્મોનિયમ (હળવું), લોકગીત/ભજન, કાવ્ય લેખન, ગઝલ શાયરી લેખન, લોકવાર્તા, દુહા- છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કુલબેન્ડ, ઓર્ગન, કથ્થક, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) જેવી વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં, ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ અને ૨૧ થી ૫૯ વર્ષના વયજૂથમાં લગભગ ૧૨૦૦ ઉપરાંત સ્પર્ધકોએ ભાગ લીધો. આ સ્પર્ધામાં વિજેતાઓને શિલ્ડ આપવા માટે વસોના નિવાસી નરેન્દ્ર ભાઈ અમીન (હાલ સ્વીડન) દ્વારા દાન આપવામાં આવ્યું હતું, તેમજ સરકારશ્રી દ્વારા વિજેતાઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ખેડા-નડિયાદની યાદીમાં જણાવ્યા અનુસાર કલા મહાકુંભ જેવા ગુજરાત સરકારના ફ્લેગશીપ કાર્યક્રમના આયોજન બદલ સ્પર્ધકોએ સરકારનો આભાર માન્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે અને તમને વધુ પરેશાન કરી દેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ઢૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારી પૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**ન્યૂઝ બ્રિફ**

## તૃણમુલ નેતાને ત્યાં દરોડા પાડવા પહોંચેલી ઈડીની ટીમ પર હુમલો

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

પશ્ચિમ બંગાળમાં દક્ષિણ ૨૪ પરગણામાં તૃણમૂલ નેતા શાહજહાં શેખ ઠેકાણે દરોડા પાડવા પહોંચેલી ઈડીની ટીમ પર હુમલો કરાયાની ઘટના સામે આવી છે. માહિતી અનુસાર આશરે ૨૫૦થી ૩૦૦ લોકોના ટોળાએ ઈડીની ટીમને ઘેરી લીધી હતી. આ હુમલામાં મીડિયાકર્મીઓ પણ લપેટમાં આવી ગયા હતા. માહિતી અનુસાર લોકોના ટોળાએ ઈડીની ટીમની ગાડીઓને નિશાન બનાવી તેના કાંચ તોડી નાખ્યા હતા. આ દરમિયાન મીડિયાકર્મીઓ સાથે પણ મારપીટ કરવામાં આવી હતી.

## દ.કોરિયા પર ઉ. કોરિયાએ ૨૦૦થી વધુ ગોળા ઝિંકી દીધા

। (એજન્સી) સિયોલ, તા.૫ ।

દક્ષિણ કોરિયા પર શુક્રવારે સવારે સતત ૨૦૦થી વધુ તોપના ગોળા ઝિંકવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર દક્ષિણ કોરિયાની સેનાએ જણાવ્યું કે આ ગોળાબારી સરમુખત્યાર કિમ જોંગ ઉનના દેશ ઉ.કોરિયા તરફથી કરવામાં આવી હતી. જેના પછી દક્ષિણ કોરિયા તરફથી ટાપુ પર રહેતા લોકોને તાત્કાલિક ધોરણે કારણ જણાવ્યા વિના જ પોતાના ઘર ખાલી કરી સુરક્ષિત સ્થાને ખસી જવા કહી દેવામાં આવ્યું હતું. દ.કોરિયાએ તેના નિવેદનમાં કહ્યું કે ગોળાબારીને લીધે અત્યાર સુધી કોઈ મોટી જાનહાનિ કે નુકસાનના અહેવાલ તો નથી પણ આ તોપના ગોળા ઉત્તર સરહદે આવીને પડતાં ગભરાટ ફેલાયો હતો. આ બંને દેશો વચ્ચેની દરિયાઈ સરહદ છે.

## કોલંબિયામાં ભારતીયોને ફોન પર ખંડણીની ધમકી અપાય છે

। (એજન્સી) ટોરેન્ટો, તા.૫ ।

ગત વર્ષે કેનેડાના જે પ્રાંતમાં ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા થઈ હતી ત્યાં હવે ભારતીયોની હેરાનગતિ કરવામાં આવી રહી છે. ખુદ ભારત સરકારે આ મામલે ધ્યાન આપ્યું હતું. અહીં ભારતીયો પાસેથી બળજબરીપૂર્વક ખંડણી વસૂલીના કિસ્સા સામે આવી રહ્યા છે. અહીં તેમને ફોન કરીને આવી ખંડણી વસૂલવા ધમકાવાઈ રહ્યા છે. આ મામલો કેનેડિયન પ્રાંત બ્રિટિશ કોલંબિયાનો છે. હવે ભારતે આવા અહેવાલો પર ચિંતા વ્યક્ત કરતાં તેને ગંભીર ચિંતાનો મામલો ગણાવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ભારતીય નાગરિકોને બળજબરીપૂર્વક ખંડણી વસૂલીના કોલ આવવા એ ગંભીર ચિંતાનો મામલો છે.




ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર દિલ્હીમાં દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતે એનસીસી પ્રજાસત્તાક દિવસ શિબિરના ઉદ્‌ઘાટન દરમિયાન ધ્વજ વિસ્તારની મુલાકાત કરી હતી.

### હોમ-ઓટો લોન લેનારા માટે સારા સમાચાર

## ચાલુ વર્ષે હોમ-ઓટો લોનના વ્યાજદરમાં ઘટાડાની સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આ વર્ષે હોમ લોન લેનારાઓ માટે રાહતના સમાચાર છે. દેશના ટોચના બેક્કર્સને આશા છે કે વર્ષ ૨૦૨૪માં હોમ અને ઓટો લોનના વ્યાજ દરમાં ૦.૫% થી ૧.૨૫% સુધીનો ઘટાડો થઈ શકે છે. તેનાથી વર્તમાન અને નવા હોમ લોન ગ્રાહકોને ફાયદો થશે. છેલ્લા દોઢ વર્ષમાં રેપો રેટમાં ૨.૫%ના વધારાને કારણે લોકોની લોન ઈએમઆઈ ૧૬% થી વધીને ૨૩% થઈ ગઈ છે. આવી સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો કરવાથી મોટી રાહત મળી શકે છે. બેંકોની કુલ લોનમાં હોમ લોનનો હિસ્સો ૪૭.૧% છે અને ઓટો લોનનો હિસ્સો ૧૨%થી વધુ છે. નિષ્ણાતો કહે છે કે રેપો રેટમાં ઘટાડો જૂન કે જુલાઈમાં થશે તો પણ બેક્કો તેનો લાભ બે-ત્રણ મહિના પછી જ આપશે. કેટલીક બેંકો ચોક્કસપણે તેના લાભ તરત જ આપશે પરંતુ તેમાંની મોટાભાગની બેંકો સમય લે છે. અમુક બેંકો ગ્રાહકોને રેપો રેટના ઘટાડાનો થોડો લાભ જ આપે છે. તો ઘણી બેંકો નવા ગ્રાહકોને આકર્ષવા માટે વધુ ઓફર કરી શકે છે. વ્યાજ દરોમાં ઘટાડાનો લાભ મેળવવા માટે, ગ્રાહકો માટે લોનને એક્સટર્નલ બેન્ચમાર્ક લિંક્ડ લેન્ડિંગ રેટ (ઈબીએલઆર)માં લોનને કન્વર્ટ કરી દેવી.

### બજરંગદળના સ્થાપકની રામમંદિર પર સ્પષ્ટ વાત

## રામ મંદિરનો શ્રેય કોઈ એક વ્યક્તિને ન આપી શકાય : વિનય કટિયાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભાજપના ફાયરબ્રાન્ડ નેતા અને બજરંગ દળના સંસ્થાપક વિનય કટિયાર રામ મંદિર આંદોલનનો મહત્વનો હિસ્સો રહ્યા છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે રામમંદિર આંદોલન, લાલકૃષ્ણ અડવાણી અને આરએસએસ કાર્યકર્તાઓની ભૂમિકાને યાદ કરતાં કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો કહી હતી. કટિયારને જ્યારે પૂછવામાં આવ્યું કે અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા નજીક છે ત્યારે તમે તેને કેવી રીતે જુઓ છો? જેના જવાબમાં તેમણે કહ્યું કે હું ખુશ અને અભિભૂત છું. આ મંદિર માટે ઘણા બલિદાન આપવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા આવી રહ્યા છે. જો કે મંદિરના નિર્માણમાં હજુ વધુ સમય લાગશે. બજરંગ દળના સંસ્થાપકને પૂછવામાં આવ્યું કે તમે રામ મંદિરનો શ્રેય કોને આપો છો? તો તેના પર તેમણે કહ્યું, તેનો શ્રેય કોઈ એક વ્યક્તિને ન આપી શકાય. આવા આંદોલનનો શ્રેય સમગ્ર સંસ્થાને જાય છે. આ આંદોલનમાં આરએસએસની મોટી ભૂમિકા હતી. તેણે એક સંગઠન તરીકે આગેવાની લીધી હતી, પરંતુ વીએચપીજેવા અન્ય સંસ્થાઓએ રામ મંદિર માટે મહત્ત્વની ભૂમિકા ભજવી અને અત્યાર સુધી મોરચો સંભાળી રાખ્યો છે.

### સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર

## સરકારી કર્મચારીઓને માર્ચ-૨૪ના ક્વાર્ટરમાં પીએફમાં ૭.૧ ટકા વ્યાજ મળશે




। નવી દિલ્હી, તા.૫ ।

સરકારી કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડના નવા વ્યાજ દર નક્કી થઈ ગયા છે. સરકારે જણાવી દીધુ છે કે જનરલ પ્રોવિડન્ટ ફંડમાં રોકાણ કરનાર સરકારી કર્મચારીઓને જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રણ મહિના એટલે કે ચાલુ નાણાકીય વર્ષના અંતિમ ત્રિમાસિકમાં ૭.૧ ટકાના દરથી વ્યાજ મળવાનું છે. નાણા મંત્રાલયે તાજેતરના નોટિફિકેશનમાં જીપીએફ એટલે કે જનરલ પ્રોવિડન્ટ ફંડના વ્યાજ દર નિર્ણય વિશે જાણકારી આપી. નોટિફિકેશન ગુરૂવાર મોડી સાંજે જારી થયુ. નોટિફિકેશન અનુસાર માર્ચ ત્રિમાસિક દરમિયાન જીપીએફ પર ૭.૧ ટકા વ્યાજ મળશે, જે ડિસેમ્બર ત્રિમાસિકમાં પણ ૭.૧ ટકા જ હતુ. તેનો અર્થ થયો કે જીપીએફના વ્યાજદરમાં કોઈ પરિવર્તન કરવામાં આવ્યુ નથી. જીપીએફ સિવાય આના સિમિલર અન્ય પ્રોવિડન્ટ ફંડ પર પણ માર્ચ ત્રિમાસિકમાં ૭.૧ ટકાના દરથી જ વ્યાજ મળશે. નોટિફિકેશન અનુસાર આ નિર્ણય જે પ્રોવિડન્ટ ફંડ પર લાગુ છે, તેના નામ છે- જનરલ પ્રોવિડન્ટ ફંડ (સેન્ટ્રલ સર્વિસ), કન્ટ્રીબ્યૂટરી પ્રોવિડન્ટ ફંડ (ઈન્ડિયા), ઓલ ઈન્ડિયા સર્વિસ પ્રોવિડન્ટ ફંડ, સ્ટેટ રેલવે પ્રોવિડન્ટ ફંડ, જનરલ પ્રોવિડન્ટ ફંડ (ડિફેન્સ સર્વિસ), ઈન્ડિયન ઓર્ડનેન્સ ડિપાર્ટમેન્ટ પ્રોવિડન્ટ ફંડ, ઈન્ડિયન ઓર્ડનેંસ ફેક્ટ્રીસ વર્કમેન્સ પ્રોવિડન્ટ ફંડ, ઈન્ડિયન નેવલ ડોકયાર્ડ વર્કમેન્સ પ્રોવિડન્ટ ફંડ, ડિફેન્સ સર્વિસ ઓફિસર્સ પ્રોવિડન્ટ ફંડ અને આર્મ્ડ ફોર્સેજ પર્સનલ પ્રોવિડન્ટ ફંડ. જીપીએફ એક ટાઈપનું પ્રોવિડન્ટ ફંડ છે, જે માત્ર સરકારી કર્મચારીઓ માટે ઉપલબ્ધ છે. પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ માટે ઈપીએફ અને પીપીએફ તેના સમાન છે. એક સરકારી કર્મચારીની સેલેરીનો નક્કી ભાગ જીપીએફમાં જાય છે. શરત એટલી કે તેને સસ્પેન્ડ કરવામાં આવે નહીં. નિવૃત્તિથી ૩ મહિના પહેલા જીપીએફમાં કર્મચારીનું કન્ટ્રીબ્યૂશન બંધ થઈ જાય છે.

### હમાસ-ઈઝરાયેલ યુદ્ધ બાબતે યુએસથી અલકાયદા નારાજ

## ઈલોન મસ્ક, બિલ ગેટ્સ અને સત્ય નડેલાની હત્યાની ધમકી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધ દરમિયાન આતંકી સંગઠન અલ કાયદા અમેરિકાના વલણથી ભારે નારાજ છે. આ કારણે જ આતંકી સંગઠને અમેરિકામાં રહેતા દિગ્ગજ બિઝનેસ ટાયકૂનને ટારગેટ કરવાનો નિર્ણય લીધો છે. અલ કાયદાએ તેના ચેટ રૂમના માધ્યમથી અમેરિકી બિઝનેસમેન ઈલોન મસ્ક, બિલ ગેટ્સ અને સત્ય નડેલાની હત્યા કરવા તથ અમેરિકી અર્થતંત્રને નિશાન બનાવવની ધમકી આપી છે.

અહેવાલ અનુસાર અલ કાયદાએ તેના સમર્થકોને અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સની કંપનીઓ તરફથી ઓપરેટ થતી ફ્લાઈટ ઉપર પણ હુમલા કરવાની અપીલ કરી હતી. તેની યાદીમાં અમેરિકી એરલાઈન્સ, કોન્ટિનેન્ટલ, ડેલ્ટા, બ્રિટિશ એરવેઝ, એર ફ્રાન્સ, એર ફ્રાન્સ કેએલએલ સામેલ છે. અલ કાયદા ગ્રૂપની મીડિયા શાખા અલ માલાહેમે કહ્યું કે અમેરિકા અને તેના સહયોગી યુદ્ધમાં ઈઝરાયલને સમર્થન કરવાને લીધે અમારા નિશાને છે.



આ યુદ્ધમાં ગાઝા પટ્ટીમાં આશરે ૨૨૦૦૦થી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. એક વીડિયો ક્લિપમાં સમૂહે પેલેસ્ટાઈનના સમર્થનમાં ઓપન સોર્સ જેહાદનું આહ્વાન કર્યું છે. તેણે વિશ્વ સ્તરે મહત્ત્વકાંક્ષી મુજાહિદીનને કિચનની વસ્તુઓનો ઉપયોગ કરી બોમ્બ બનાવવાની વિગતો પણ આપી હતી. અલ કાયદાએ કહ્યું કે મસ્ક, ગેટ્સ અને પૂર્વ અમેરિકી ફેડરલ રિઝર્વ અધ્યક્ષ બેન બર્નાનકે યહૂદી અમેરિકી અર્થતંત્રનો હિસ્સો છે. તેના કારણે તે બધા લોકો અમારા નિશાને છે.

### રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીઓને લઈને જોરદાર તૈયારીઓ

## ગુજરાતના ૪ સહિત રાજ્યસભાના ૬૮ સભ્યોનો કાર્યકાળ પૂરો થવાની અણીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પાંચ રાજ્યોની ચૂંટણી બાદ હવે દેશમાં આ વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય પાર્ટીઓ દ્વારા તૈયારી શરુ કરી દેવામાં આવી છે. અને ભાજપ-કોંગ્રેસ સહિત દરેક મોટી પાર્ટીઓ પોતાની જીત માટે તમામ પ્રકારનાં દાવપેચ અજમાવી રહી છે ત્યારે લોકસભાની ચૂંટણી પહેલા આ વર્ષે નવ કેન્દ્રીય મંત્રીઓ સહિત રાજ્યસભાના ૬૮ સભ્યો પોતાનો કાર્યકાળ પૂરો કરશે. ત્યારે રાજકીય પક્ષોમાં ખાલી બેઠકો માટે લોબિંગ શરૂ થઈ ગયું છે. આ વર્ષે રાજ્યસભામાંથી રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, સ્વાસ્થ્ય મંત્રી મનસુખ મડવિયા અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ સહિત ૫૭ નેતાઓ એપ્રિલમાં પોતાનો કાર્યકાળ પૂરો કરશે. આ ૬૮ બેઠકોમાંથી દિલ્હીની ત્રણ બેઠકો માટે ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટી (આપ) ના નેતા સંજય સિંહ, નારાયણ દાસ ગુપ્તા અને સુશીલ કુમાર ગુપ્તા ૨૭ જાન્યુઆરીએ પોતાનો કાર્યકાળ પૂરો કરવા જઈ રહ્યા છે. આ ઉપરાંત સિક્કિમમાં એસડીએફસભ્ય હિશે લાચુંગપા ૨૩ ફેબ્રુઆરીએ નિવૃત્ત થશે એટલે ત્યાં પણ એકમાત્ર બેઠક માટે ચૂંટણી યોજાશે. સંસદના ઉપલા ગૃહમાં ૬ વર્ષનો કાર્યકાળ ધરાવતા આ પદો પર રાજકીય પક્ષોના નેતાઓમાં ખાલી બેઠકો માટે લોબિંગ શરૂ થઈ ગયું છે. આ વર્ષે કાર્યકાળ પૂરો કરનાર સભ્યોમાં નવ કેન્દ્રિય મંત્રીઓનો સામેવશ પણ થાય છે. સૂત્રોના અહેવાલ અનુસાર ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૧૦ બેઠકો, ત્યારબાદ મહારાષ્ટ્ર અને બિહારમાં ૬-૬ બેઠકો, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૫-૫ બેઠકો, કર્ણાટક અને ગુજરાતમાં ૪-૪ બેઠકો, ઓડિશા, તેલંગાણા, કેરળ અને આંધ્રપ્રદેશમાં ૩-૩ બેઠકો, ઝારખંડ અને રાજસ્થાનમાં ૨-૨ બેઠકો, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને છત્તીસગઢમાં ૧-૧ બેઠકો ખાલી થશે. ગુજરાતમાંથી મનસુખ માંડવિયા, પરુષોત્તમ રૂપાલા, કોંગ્રેસના સાંસદ નારણભાઈ રાઠવા અને અમી યાજ્ઞિકનો આ વર્ષે પોતાનો કાર્યકાળ પૂરો કરશે.

**વિશેષ** જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન નવમા વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુકફેર -૨૦૨૪નું આયોજન

# ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજે નવમા વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુકફેરનું ઉદ્‌ઘાટન થશે

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત નવમા વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેરનું આવતીકાલે ઉદઘાટન કરવામાં આવશે. વર્ષ ૨૦૧૨થી ગુજરાત સરકારના 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ નેશનલ બુકફેરનું આયોજન કરવામાં આવે છે. આ બુક ફેરનો મુખ્ય ઉદ્દેશ દેશભરના પુસ્તક પ્રકાશકો, વિક્રેતાઓને અમદાવાદ શહેર અને ગુજરાત રાજ્યના સાહિત્ય પ્રેમીઓ, વાંચકો અને વિદ્યાર્થીઓ સાથે જોડતા સેતુની ગરજ સારવાનો સંસ્થાકીય અભિગમ રહ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન સાહિત્યનું સરનામું બની ચૂકેલું અમદાવાદ નેશનલ બુકફેરના ૮ સંસ્કરણના અત્યંત સફળતાપૂર્વકના આયોજન બાદ આ વર્ષે ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન નવમા વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુકફેર -૨૦૨૪નું આયોજન જીએમડીસી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ બુકફેરનો સમય દરરોજ બપોરે ૧૨થી રાત્રે ૧૦ વાગ્યા સુધી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કુલ ૭ દિવસ દરમિયાન યોજાનાર બુકફેરમાં દેશભરનાં ૬૫ જેટલાં પુસ્તક પ્રકાશકોના ૧૪૦ જેટલા બુક સ્ટોલ વિવિધ વિષયો જેવાકે, ઈતિહાસ, સંસ્કૃત, કલા સ્થાપત્ય, બાળ સાહિત્ય, ધર્મ-અધ્યાત્મ, વિજ્ઞાન, ફિલોસોફી વિવિધ ભાષા સાહિત્યના અનેકવિધ વિષયો પરના લાખો પુસ્તકો પ્રદર્શન સહ વેચાણ અર્થે ઉપલબ્ધ કરાવશે.



સાહિત્ય સપ્તાહ દરમિયાન ઉપસ્થિત રહેનાર કલા અને સાહિત્ય ક્ષેત્રના મહાનુભાવો રસપ્રદ સાહિત્યિક ચર્ચાઓ, વક્તવ્યો, કાવ્યપઠન, સંગીતના સૂર રેલાવશે, જેમાં મુખ્યત્વે શાહબુદ્દીન રાઠોડ, ભીખુદાન ગઢવી, સૌમ્ય જોષી, જય વસાવડા, ભાગ્યેશ જહા, તુષાર શુકલ, રઈશ મનીઆર, અંકિત ત્રિવેદી, નૈનેશ જાની, હાર્દિક દવે તેમજ જાણીતા યુવા સર્જકો- યુવા કવિઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સાહિત્ય સપ્તાહમાં લગભગ ૬૦થી ૭૦ મહાનુભાવો પોતાનું જ્ઞાન પીરસશે.

આ વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેર-૨૦૨૪ના ઉદ્‌ઘાટન પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન તેમજ અમદાવાદના કમિશનર શ્રી એમ. થેન્નારસન ઉપસ્થિત રહેશે.

**બુક ફેરમાં ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ યોજાશે**

લેખક વાચક વચ્ચેના સેતુ બની રહેતા સાહિત્ય સપ્તાહમાં દરરોજ વિવિધ સાહિત્યિક કાર્યક્રમો યોજાનાર છે, જેમાં બાળકો માટે ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં શનિવાર- રવિવાર દરમિયાન બપોરે ૧૨થી સાંજે ૫ અને અન્ય દિવસમાં બપોરે ૨થી ૫ ચિલ્ડ્રન ફિલ્મ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે જ્ઞાનગંગા – વર્કશોપમાં યુવાઓ માટે લેખન કૌશલ્ય વિકસાવવાની દરરોજ અલગ-અલગ વિષય પરની વર્કશોપ બપોરે ૧૨થી ૩ દરમિયાન યોજાશે. જ્ઞાનગંગા – સર્જક સંવાદમાં બપોરે ૪થી ૬ વિવિધ સર્જકોનો ચાહકો સાથે સંવાદનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

**કવિસંમેલન, મુશાયરા, ટોકશોઆકર્ષણનુંકેન્દ્રબનશે**

ત્રિવેણી અંતર્ગત સાંજે ૭થી ૧૦ દરમિયાન લોકસાહિત્ય, લોકગીત, ભજન, કવિ સંમેલન, મુશાયરા, ટોક શો અને જેમના જન્મ શતાબ્દિ વર્ષ છે, એવા ગુજરાતી ગઝલના બે ગઢ સમાન સૈફ પાલનપુરી અને બરકત વિરાણી 'બેફામ'ને સ્વરાંજલિનો કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

**બીઆરટીએસમાં મુસાફરી કરીને સરળતાથી બુક ફેરના સ્થળે પહોંચી શકાશે**

આ બુક ફેરમાં ફ્રી એન્ટ્રી, ફ્રી પાર્કિંગ, ફૂડ કોર્ટ, સેલ્ફી પોઈન્ટ અને આકર્ષક એમ્બિએન્સની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ સાથે બીઆરટીએસમાં મુસાફરી કરી ગુજરાત યુનિવર્સિટીના બીઆરટીએસ સ્ટેશન પરથી બુકફેરના સ્થળે સહેલાઈથી પહોંચી શકાશે.

**બુક ફેરમાં પુસ્તક પરબનું આયોજન**

બુકફેરમાં પુસ્તક પરબ પર મુલાકાતીઓ તેમના વંચાયેલા પુસ્તક દાનમાં આપી શકશે, જે આખા વર્ષ દરમિયાન વિવિધ સ્થળેથી માતૃભાષા અભિયાન સંસ્થા દ્વારા 'તરતું પુસ્તક' હેઠળ વાંચનમાં રસ ધરાવનાર સુધી પહોંચાડવામાં આવશે.

**વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાના કૌશલ્યનું નિદર્શન**

'સરદાર પટેલ યુનિટી ટ્રીનિટી કિવઝ' માટે ખાસ બે સ્ટોલ ફાળવવામાં આવ્યાં છે, જેમાં તમામ મુલાકાતીઓ ઓનલાઈન કિવઝ રમી શકશે. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓની 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાના કૌશલ્યનું નિદર્શન કરતું ખાસ પ્રદર્શન એક સ્ટોલમાં રહેશે.

# ડબગર સમાજ દ્વારા તૈયાર કરાયું ૫૬ ઇંચનું સોનાના વરખ સાથેનું વિશાળ અને કલાત્મક નગારું







## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અયોધ્યા રામમંદિરના પ્રાંગણમાં પ્રસ્થાપિત થનાર નગારાની પૂજનવિધિ કરી

### અમદાવાદના દરિયાપુર ખાતે અખિલ ભારતીય ડબગર સમાજ દ્વારા નગારાના પૂજનવિધિ કાર્યક્રમ બાદ ૧ કિલોમીટરની ભવ્ય શોભાયાત્રાનું આયોજન

। અમદાવાદ, તા.૫ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના દરિયાપુર ખાતે ડબગર સમાજ દ્વારા તૈયાર કરાયેલા અને અયોધ્યા રામમંદિર ખાતે મોકલવામાં આવનાર વિશાળ અને કલાત્મક નગારાનું પૂજન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નગારાની પૂજાવિધિ બાદ ઘંટનાદ કરીને નગારાને રામમંદિર માટે અર્પણ કર્યું હતું. રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત જનમેદનીએ જયશ્રી રામના નારા સાથે વાતાવરણને જીવંત બનાવ્યું હતું. અયોધ્યા રામમંદિરના પ્રાંગણમાં પ્રસ્થાપિત થનારા ૫૬ ઈંચના આ નગારામાં સોનાના વરખનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું અખિલ ભારતીય ડબગર સમાજ દ્વારા સ્વાગત કરીને તેમને અયોધ્યાથી લાવવામાં આવેલી રામ દરબારની મૂર્તિ અર્પણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં ભવ્ય રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાનાર છે. જેના ભાગરૂપે દેશભરમાં ધાર્મિક સંસ્થાનો અને સમાજો દ્વારા વિવિધ તૈયારીઓ ચાલી રહી છે.

નગારાના પૂજનના આ પ્રસંગે ધારાસભ્યો સર્વે શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી અમિતભાઈ ઠાકર, સુશ્રી દર્શનાબેન વાઘેલા તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### જસદણ અને ધોરાજીમાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

રાજકોટ જિલ્લામાં દીપડાના આંટાફેરા વધતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તો જસદણ અને ધોરાજીમાં દીપડો દેખાતા દહેશત જોવા મળે છે. તો જસદણના બેડલા ગામમાં દીપડાએ પશુનું મારણ કર્યું છે. તો દીપડાને પકડવા માટે પાંજરુ ગોઠવવામાં આવ્યું છે. તો ધોરાજીમાં પોરબંદર – રાજકોટ હાઈવે પર પણ દીપડાનો વીડિયો વાયરલ થયો છે. તો બીજી તરફ હાઈવેના રસ્તા પર દીપડો બેઠો હોય તેવો વીડિયો સામે આવ્યો છે. તો છેલ્લા કેટલાક દિવસોથી રાજકોટ જિલ્લામાં દીપડો દેખાતા દહેશત ફેલાઈ રહ્યો છે. તો વન વિભાગ દ્વારા દીપડાને પકડવા દોડધામ મુકી છે. તો બીજી તરફ આ અગાઉ અમરેલી તાલુકાના તરક તળાવ ગામે ૭ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતા.

### આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી પ્રક્રિયામાં વિવાદ સર્જાયો

। (એજન્સી) પંચમહાલ, તા.૫ ।

મેરિટ પ્રક્રિયામાં ઉમેદવારોને અન્યાય થતો હોવાનો આક્ષેપ કરાયો છે. મેરિટમાં ન આવેલા ઉમેદવારોની અપીલ ધ્યાને ન લેવાતા વિવાદ વધ્યો છે. અપીલ ગ્રાહ્ય ન રહેતા મહિલા ઉમેદવારોએ હોબાળો કર્યો છે. આ સાથે ઉમેદવારો દ્વારા ભરતી પ્રક્રિયા રદ કરવાની માગ કરવામાં આવી છે. રાજ્યમાં વધુ એક ભરતી પ્રક્રિયા વિવાદમાં આવી છે. પંચમહાલમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી પ્રક્રિયામાં વિવાદ સર્જાયો છે. ભરતી પ્રક્રિયામાં મોટો છબરડો થયો હોવાનો ઉમેદવારો આક્ષેપ કરી રહ્યા છે.

### ૪ લોકોના ઘટના સ્થળે મોત થયા

## થરાદ-ડીસા હાઇવે પર કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

### ઊંઝાથી વાવ ઘરે પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો

। (એજન્સી) થરાદ, તા.૫ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે.ત્યારે બનાસકાંઠામાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. થરાદ- ડીસા હાઈવે પર ખોરડાં નજીક અકસ્માત થયો છે. જેમાં ૪ લોકોના ઘટના સ્થળે મોત થયા છે. તો મળતી માહિતી અનુસાર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. કારમાં સવાર પરિવારના સભ્યોના મોત થયું છે. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે.ત્યારે બનાસકાંઠામાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. થરાદ- ડીસા હાઈવે પર ખોરડાં નજીક અકસ્માત થયો છે. જેમાં ૪ લોકોના ઘટના સ્થળે મોત થયા છે. તો મળતી માહિતી અનુસાર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો.

કારમાં સવાર પરિવારના સભ્યોના મોત થયું છે. ઊંઝાથી વાવ ઘરે પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો હતો. જેમાં કારમાં સવાર ૪ લોકોના મોત થયા છે. તો તમામ મૃતદેહોને પીએમ અર્થે ખસેડાયા છે. તો ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. બીજી તરફ ડાંગના સાપુતારા ઘાટ માર્ગ પર ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી.જેમાં ૪ લોકોના સ્થળ પર જ મોત નીપજ્યા હતા.

### ગુજરાતમાં એક પછી એક ધમકીનો સીલસીલો યથાવત

## ધરમપુર ખાતે સાયન્સ સિટી મ્યુઝિયમની હેડ ઓફિસને ઉડાવી દેવાની ધમકી મળી

। (એજન્સી) વલસાડ, તા.૫ ।

વલસાડના ધરમપુર ખાતે સાયન્સ સિટી મ્યુઝિયમની હેડ ઓફિસને ઉડાવી દેવાનો ધમકીભર્યો એક ઈમેઈલ મળ્યો છે. ધમકી મળતા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. જે પછી વલસાડમાં આવેલું સાયન્સ સિટી મ્યુઝિયમ ખાલી કરાવવામાં આવ્યુ હતું. ગુજરાતમાં એક પછી એક ધમકીનો સીલસીલો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી સાથે વલસાડમાં પણ સાયન્સ સિટી મ્યુઝિયમની હેડ ઓફિસને ઉડાવી દેવાની ધમકી મળી છે. જે પછી દોડધામ મચી ગઈ છે.બોમ્બ સ્કવોર્ડ અને ડોગ સ્કવોર્ડની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.વલસાડના ધરમપુર ખાતે સાયન્સ સિટી મ્યુઝિયમની હેડ ઓફિસને ઉડાવી દેવાનો ધમકીભર્યો એક ઈમેઈલ મળ્યો છે. ધમકી મળતા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી.

### ફરી એક વાર કચ્છમાં ધરા ધ્રૂજી

## કચ્છમાં સવારે ૯.૩૦ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો

### લોકો તાત્કાલિક ઘરની બહાર નીકળી ગયા હતા સદનસીબે ઘટનામાં કોઇ નુકસાન કે જાનહાનીના સમાચાર નથી

। (એજન્સી) કચ્છ, તા.૫ ।

ગુજરાતમાં કચ્છમાં વારંવાર ભૂકંપ ના આંચકા અનુભવાતા હોય છે, ત્યારે ફરી એક વાર કચ્છમાં ધરા ધ્રૂજી છે. સવારે ૯.૩૦ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. લોકો તાત્કાલિક ઘરની બહાર નીકળી ગયા હતા. સદનસીબે ઘટનામાં કોઈ નુકસાન કે જાનહાનીના સમાચાર નથી. કચ્છમાં ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપને હજુ લોકો ભૂલી શક્યાં નથી. ત્યારે વારંવાર કચ્છમાં ભૂકંપના આંચકા આવતા જ રહે છે, જે ૨૦૦૧ની ઘટનાને ભુલવા નથી દેતી. કચ્છમાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. સવારે ૯.૩૦ કલાકે ૪.૧ની તિવ્રતાથી આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ધોળાવીરાથી ૫૯ કિમી દૂર નોંધાયું છે. કચ્છમાં છેલ્લા ૨૦ વર્ષથી સતત ભૂકંપના આંચકા કેમ અનુભવાઈ રહ્યા છે. કચ્છ યૂનિવર્સિટીના સંશોધન અનુસાર આ પાછળનું મુખ્ય કારણ એ છે કે કચ્છમાં ભૂકંપની ૪ ફોલ્ટલાઈન આવેલી છે.


નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વંધ્યત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વંધ્યત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચું AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્ક્વેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨